# ઇતિહાસની તેજમૂર્તિઓ

— ધૂમકેતુ

૪



Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

ધૂમકેતુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ

# ઇતિહાસની તેજમૂર્તિઓ

## ભાગ–૪

ધૂમકેતુ

ગૂર્જર પ્રકાશન

રતનપોળ નાકા સામે · ગાંધી માર્ગ · અમદાવાદ · ૩૮૦ ૦૦૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ITIHASNI TEJMOORTIO, Stories from history by Dhoomketu. Third reprint 1958. Fifth impression, 1991 [Dhoomketu Birth Centenary Edition]. Published by Gurjar Prakashan, Gandhi Road, Ahmedabad.
Price per set of five books : Rs. 68—00

**ઇતિહાસની તેજમૂર્તિઓ**, ઐતિહાસિક પ્રસંગકથાઓ. લેખક ધૂમકેતુ. ત્રીજું પુનર્મુદ્રણ : ૧૯૫૮, ચોથું પુનર્મુદ્રણ : ૧૯૬૫, પાંચમું પુનર્મુદ્રણ : ૧૯૯૧ [ધૂમકેતુ જન્મશતાબ્દી આવૃત્તિ]
(સર્વ હક લેખકને સ્વાધીન)

**પાંચ ભાગની શ્રેણીની કિંમત** ૨૫૦.૦૦

**: પ્રકાશક :**
મનુભાઈ ગોવિંદલાલ શાહ
ગૂર્જર પ્રકાશન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

**મુદ્રક :**
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ,
યુનિયન બેંકની પાછળ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૪

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવના

'જલબિંદુ'માં ચિંતનમૌક્તિકો પ્રગટ થયેલ. તેમાં સાથે થોડીક ઐતિહાસિક નવલિકાઓ પણ હતી. વધારે તો ચિંતનપ્રધાન વસ્તુઓ હતી. એ બન્ને સાહિત્યપ્રકાર ભિન્ન ભિન્ન હોવાથી, એમનો મેળ બરાબર મળતો ન હતો. આ 'ઇતિહાસની તેજમૂર્તિઓ' નામથી પ્રગટ થતા 'જલબિંદુ'ના અભિનવ સંગ્રહમાં બધી જ ઐતિહાસિક નવલિકાઓ મૂકી દીધી છે. ઘણીખરી નવી જ છે. હવે 'જલબિંદુ'માં માત્ર ચિંતન ભાગ જ હશે.

આશા છે કે આ પુસ્તક 'મેઘબિંદુ'ની પેઠે લોકપ્રિય થશે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ થઈ શકી છે, એટલે આવી પ્રસંગકથાઓ સુંદર પ્રેરણાત્મક વાચન લેખે જરૂરી જણાય છે. આના પછી 'ઇતિહાસની તેજમૂર્તિઓ'ના વિશેષ ભાગ આવશે.

કર્ણાવતી નિવાસ,
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ–૭

**ધૂમકેતુ**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનુક્રમ


| | |
|---|---|
| ૧. રેતરણનાં ફૂલ | ૫ |
| ૨. રાજાને નહિ, ભક્તને | ૧૧ |
| ૩. પ્રાણને ટકાવવા, પ્રાણ આપ્યા | ૧૬ |
| ૪. એક નાની તેજરેખા | ૨૪ |
| ૫. કવિતાએ રંગ રાખ્યો ! | ૩૨ |
| ૬. રાણી દુર્ગાવતી | ૩૮ |
| ૭. ચાર જ પંક્તિ ! | ૪૪ |
| ૮. અમરસિંહ | ૫૩ |
| ૯. જેમ આવ્યો–તેમ ગયો ! | ૫૭ |
| ૧૦. મૂરખ મરે, અને મારે | ૬૩ |
| ૧૧. માનવધર્મ બતાવ્યો | ૭૧ |
| ૧૨. રૂપદર્શન—શબ્દદર્શન નહિ ! | ૭૬ |


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# રેતરણનાં ફૂલ



શહેનશાહ ઔરંગઝેબનું દિલ પણ તે દિવસે આશ્ચર્ય અનુભવી રહ્યું, ઘડીભર ડોલી ગયું.

એને લાગ્યું કે છેવટે, કાયદાકાનૂન નહિ, લાવલશ્કર નહિ, પણ ઇન્સાનિયત, એ માણસની તેમજ રાજની પણ, મોટામાં મોટી મૂડી છે. જ્યાં કાયદાકાનૂન કાંઈ જ કરી શકતા નથી, જ્યાં લાવલશ્કર પહોંચી શકતાં નથી, ત્યાં માણસાઈ, અજબ જેવી શિસ્ત પળાવે છે.

વાત આમ બની હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એનો જ એક પુત્ર બળવો માંડી બેઠો હતો. એનું નામ અકબર.

અકબરને ટેકો આપ્યો હતો, વીર દુર્ગાદાસે. વીર દુર્ગાદાસ એ મારવાડનો મહારક્ષક હતો. એનું નામ આખા રાજસ્થાનમાં માન મુકાવતું હતું. તે બાદશાહ ઔરંગઝેબની સામે યુદ્ધ કરતો હતો. બાદશાહની ઇચ્છા હતી, જોધપુરનું રાજ, બાદશાહી મુલકમાં ભેળવી દેવાની. એટલા માટે એણે જાહેર કર્યું હતું કે જોધપુરનો બાલકુંવર ખોટો છે. દુર્ગાદાસ, આ બાલકુંવરની વહારે ચડ્યો. એમાંથી યુદ્ધ થયું.

પણ બાદશાહી સૈન્ય સામે લાંબો વખત ટકવાની શક્તિ કોઈનામાં, એ વખતે ન હતી. વળી અરવલ્લીની પર્વત-માળામાં ઘાસના મૂળિયાના રોટલા ખાઈને પણ, ખભે ખાંપણ નાખ્યું તે નાખ્યું, એ શક્તિ જે રાણા પ્રતાપમાં હતી, જે તાકાત દુર્ગાદાસમાં હતી, જે રજપૂતોના અટંકી સ્વભાવમાં હતી, તે ખડતલ શક્તિ, આ નાજુક કુમળા સ્વભાવના સુકુમાર શાહજાદામાં ક્યાંથી હોય? એટલે એને પોતાની સાથે ફેરવવો, એ પણ દુર્ગાદાસ માટે મુશ્કેલ કામ હતું. શાહજાદાને જાળવવો મુશ્કેલ હતો.

મહારાષ્ટ્રના વીરોની કીર્તિથી આકર્ષાઈને એને પૂના-સતારાના અભેદ્ય કિલ્લાઓમાં થોડો વખત આશ્રય લેવા માટે વીર દુર્ગાદાસે મોકલ્યો. પણ છત્રપતિ મહારાજ શિવાજીના મૃત્યુ પછી, ત્યાં બધે જ હવે વળતાં પાણી થયાં હતાં. ત્યાં તો વળી અકબરની પણ સોનામહોરો ઘડી લેવાની તાલાવેલી હતી. એ બધા જ સોનામહોરો લૂંટનારા ક્ષુલ્લક વીરો હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એટલે શાહજાદો પોતે જ કંટાળીને ત્યાંથી ભાગ્યો. મહાન અકબરને પંથે જનારા, આ બીજા અકબરને જાળવી લેનારું સ્વપ્ન કોઈની પાસે ન હતું. રજપૂત, મરાઠા, શીખ જુદા જુદા લડાઈઓ કરતા હતા પણ ભેગા થઈને એક મહાન રાજ સ્થાપનારું સ્વપ્ન કોઈની જ પાસે ન હતું.

એટલે શાહજાદો અકબર ભાગીને સુરત બંદરે આવી પહોંચ્યો હતો.

અને પછી ત્યાંથી એ મસ્કતબંદર જવા માટે નીકળી પડચો.

મસ્કતબંદર એ ત્રણ મહિના સુધી રહ્યો. અને ઈરાનના શાહ સુલેમાન શાહની એણે મદદ માગી.

પણ એ બધો વખત, બાદશાહ ઔરંગઝેબનો શાહજાદા આઝમશાહ ઉપર હુકમ હતો કે, શાહજાદા અકબરને પકડીને હજૂરમાં મોકલવો. એણે પહેલાં કાફર દુર્ગાદાસનો આશ્રય લીધો હતો. હવે મોગલ શહેનશાહતના હડહડતા દુશ્મન ઈરાનના શાહનો આશ્રય લેવાનો હતો.

પણ શાહજાદો અકબર તો, ઈરાનના બંદરમાં સહી-સલામત પહોંચી ગયો હતો.

પણ એણે મુસાફરીમાં જતાં પહેલાં, પોતાના શાહજાદા સુલતાન બુલંદઅખ્તરને, અને પોતાની શાહજાદી સફીતુ–ઉન્–નિસા બેગમને, દુર્ગાદાસ રાઠોડના સંરક્ષણમાં સોંપ્યાં હતાં.

દુર્ગાદાસને રાતદિવસ એમની ચિંતા હતી. બાદશાહી ફોજ એને હાથ કરવા માટે આકાશપાતાળ એક કરી રહી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતી. દુર્ગાદાસ અરવલ્લીની ભયંકર પર્વતમાળામાં રખડતો રહેતો. આજે આંહીં તો કાલે ત્યાં, એમ ભયાનક પર્વતની ખીણોમાં એ ભટકતો રહેતો.

પણ ધીમે ધીમે શાહશાહી સૈન્યનો ભરડો એવો તો આકરો થવા લાગ્યો હતો કે દુર્ગાદાસને લાગ્યું કે, કોઈ દિવસ કોઈ દગો થઈ જશે, તો એ વખતે આ શરણે આવેલાઓને સોંપતાં, યાવતૂચંદ્રદિવાકરૌ પોતાની રજપૂતીને કલંક ચોંટી જશે. અને ઠેરઠેર રાજસ્થાનમાં એના નામ ઉપર માણસો થૂંકશે !

એણે એક જાતભાઈને સાધ્યો. ઈશ્વરીદાસ એનું નામ. મહા વિચક્ષણ, ને સમય સમયનો જાણકાર. બાદશાહી સેનાપતિઓનો પણ વિશ્વાસુ.

એને દુર્ગાદાસે કહેવરાવ્યું કે, જો મને બાદશાહી વચન મળે, તો હું સફીતુન્નિસા બેગમને હાજર કરું. એનો કોમળ દેહ, આ ડુંગરાઓમાં પડી જાશે, તો મને કાળી ટીલી ચોંટી જશે. શાહજાદાને તો હું ગમે ત્યાં રખડાવું, એનો વાંધો નહિ. એ તો ખડતલ છે. એ તો યુદ્ધ લેવાદેવા જન્મ્યો છે. પણ જૂઈના ફૂલ જેવી બાદશાહજાદી, દિવસે દિવસે આ ડુંગરાનાં પાણી પીને, મૃત્યુની ખીણમાં જાણે ધકેલાઈ રહી છે.

'મારે એના આધારે કે એના નામની પાછળ રહીને કોઈ સ્વાર્થ સાધવો નથી. બાદશાહને તંગ કરવા માટે એનો ઉપયોગ કરવો નથી. પણ શરતમાં શરત એક કે જો બાદશાહજાદીનો વાળ એક વાંકો થાય, તો તે દિવસ પછી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દુર્ગાદાસ યોદ્ધો મટી જાય. રજપૂત મટી જાય. ખૂનીનો ખૂની થઈ જાય.'

આ વાત બાદશાહને કાને આવતાં જ, એણે અમદાવાદના સુબા સુજાઅતખાનને આજ્ઞા કરી કે ઈશ્વરદાસને કાફર પાસે મોકલો, અને બાદશાહી વચન આપીને, શાહજાદીને કેદમાંથી છોડાવો.

પછી ઈશ્વરીદાસ ત્યાં ગયો. અને દુર્ગાદાસને વચન આપ્યું. ને વચનભંગ થાય તો પોતાની જાત હોમવાની ખાત્રી આપી.

દુર્ગાદાસ પોતે પોતાનું સૈન્ય લઈને અમદાવાદ આવ્યો. ને બાદશાહજાદીને સહીસલામત પહોંચાડી દીધી.

જ્યારે ઈશ્વરીદાસ સાથે શાહજાદીને બાદશાહની હજૂરમાં મોકલવામાં આવી, ત્યારે હજી શું–નું શું થશે, એ શંકા હરેકના દિલમાં હતી.

પણ શાહજાદી, બાદશાહ ઔરંગઝેબની પાસે આવી, અને જ્યારે એણે માથું નમાવી કુરાનમાંથી વચનો બોલવાનું શરૂ કર્યું, ત્યારે બાદશાહના અચંબાનો પાર રહ્યો નહિ!

આ શાહજાદી તો વર્ષોથી એના બાપ સાથે હતી. એનો બાપ દુર્ગાદાસનો આશ્રિત હતો. અને બળવો કરી બેઠો હતો.

એમાં આ રખડપટ્ટીમાં એને આ ધાર્મિક શિક્ષણ આપ્યું કોણે?

જ્યારે બાદશાહે પૂછ્યું; ત્યારે શાહજાદીએ માથું



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નમાવીને કહ્યું : 'નામવાર ! દુર્ગાદાસ કાફર હશે, પણ પારકાના ધર્મસ્થાનનો, ધર્મપુસ્તકનો, ધર્મનો, અને અબળાનો, એના જેવો રક્ષણહાર તો પાકે ત્યારે. એણે મને અજમેરથી ખાસ બોલાવેલી એક નેકદિલની બાઈ મારફત, આપણા ધર્મનો પૂરેપૂરો ઇલમ પઢાવવાની ગોઠવણ કરી હતી.'

બાદશાહ માની શકતો ન હોય તેમ બોલ્યો : 'કોણે, દુર્ગાદાસે ? તને ઇલમ પઢાવવાનો બંદોબસ્ત કર્યો હતો ?'

'નામવર ! દુર્ગાદાસ રાઠોડે આ બંદોબસ્ત ખાસ કરાવ્યો હતો જેથી હું આપણો ધર્મ ન ભૂલું !'

બાદશાહ ઊંડા વિચારમાં પડી ગયો. તેનું દિલ પણ દ્રવી ગયું. એને થયું, આ બાદશાહજાદીને એણે ધર્માંતર કરાવી નાખ્યું હોત, તો હું શું કરવાનો હતો ? આ આદમી દુશ્મન છે, પણ એનું દિલ નેક છે. એના રેતરણ સમા દિલમાં ફૂલોની સુગંધ ફેલાઈ ગઈ.

એણે ઈશ્વરીદાસને કહ્યું : 'ઈશ્વરીદાસ ! દુર્ગાદાસને લખો, એના તમામ ગુના માફ છે. બાદશાહજાદાને લઈને એ ભલે આવે. મદદ માટે એને એક લાખ ટંકા મોકલાવો. એની મેડતાની જાગીરનો, એ કહેશે તેમ નિકાલ કરવાનું એને વચન આપો. તમે જ જઈને એને બોલાવો !'

એ ક્ષણે તો બાદશાહના દિલમાં ઇન્સાનિયતના પમરાટે ઇન્સાનિયત જગાડી દીધી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# રાજાને નહિ, ભક્તને!



'હરિ બોલો, હરિ' એની આકાશવ્યાપી ધૂનનો પડઘો જગન્નાથ મંદિરમાંથી ઊઠતો હતો. ભક્તોની મેદની જામી હતી. લોક ક્યાંય માતાં ન હતાં. સાધુ, સંત, ભક્ત, વિદ્વાન, અવિદ્વાન, ગૃહસ્થ, નોકર, વેપારી, અધિકારી, તમામ ભેદ જાણે ભુલાઈ ગયા હતા. ઘડીભર ભૂંસાઈ ગયા હતા.

જાણે એ ધૂનમાં માણસ—અને તે પણ ભગવાનનો ભક્ત—એવો એક જ વર્ગ, દુનિયામાં અસ્તિત્વમાં રહ્યો હતો. બધા ભક્તો, કોઈ નાનો નહિ – કોઈ મોટો નહિ,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોઈ વિદ્વાન નહિ – અવિદ્વાન નહિ. બધા એક જ હતા – ભક્તજનો.

આ વર્ગવિહીન ઉલ્લાસના સમુદ્રમાં તમામ નાહી રહ્યા હતા.

કોઈને જાણ પણ રહી ન હતી કે 'હરિ બોલો, હરિ' સિવાય બીજી કોઈ દુનિયા આંહીં છે.

એ વખતે એક આશ્ચર્યનું આશ્ચર્ય થયું.

એ વખતે ત્યાં રાજા પ્રતાપરુદ્ર નજરે પડયો.

એ તો આ પ્રદેશનો રાજા હતો. અને નજરે પડે તેમાં કાંઈ નવાઈ ન હતી. જગન્નાથજીનો રથ નીકળ્યો હતો. હજારો માણસો ત્યાં આવ્યાં હતાં. બધાં દર્શન કરવા ઊભાં હતાં. અને રથની આગળ ભક્તજનોની મંડળીને મોખરે, ભગવાન ચૈતન્યનો અદ્‌ભુત મધુરતાભર્યો, પ્રેમની જાણે આખી સૃષ્ટિ જગાડતો હોય તેવો 'હરિ બોલો હરિ' એ ભજન-ધૂન શબ્દ આવી રહ્યો હતો. પણ ભગવાન એ બોલે—અને શું એમાંથી અમૃત ઝરતું હતું? શબ્દ તો હતા માત્ર ત્રણ જ—એ ત્રણ શબ્દને જે રીતે ભગવાન ચૈતન્ય બોલતા હતા, તે રીતે કોઈ જ બોલી શકતા ન હતા. ભગવાન ચૈતન્યના દિલમાં તો એક એક ધૂને, કોણ જાણે કેટલી પ્રેમોર્મિઓ આવતી હતી!

એ વખતે કોણ જાણે કયાંથી, રાજા પ્રતાપરુદ્ર ત્યાં દેખાયો. અને હજી તો બધા જુએ છે ને કેટલાક ભક્તો તો 'હાં હાં હાં' કરતા, રાજાને ત્યાં રસ્તા વચ્ચે દેખતાં, એને દૂર લઈ જવાની વેતરણમાં ઉતાવળા થાય છે, ત્યાં તો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજા પ્રતાપરુદ્ર પોતે હાથમાં મોટો સાવરણો લઈને, ભક્ત-જનોનો જવાનો જે માર્ગ હતો, તે માર્ગ પોતે વાળવા મંડી પડ્યો! પોતે ઝાડુ કાઢનાર બની ગયો!

બધા નવાઈ પામી ગયા. પણ જે જાણકાર હતા તે જાણતા હતા કે રાજા પ્રતાપરુદ્રે કોણ જાણે કેટલી વાર, ભગવાન ચૈતન્યને મળવાની ઇચ્છા દર્શાવી હતી. પોતાના વિદ્વાન ગુરુ પંડિત સાર્વભૌમ વાસુદેવ મારફત પણ કહેવરાવ્યું હતું. મળવાનો સમય માગ્યો હતો, પણ પ્રત્યુત્તર એક જ આવતો હતો. રાજાને સંન્યાસી મળે, એમાં બન્નેને નુકસાન. હું સંન્યાસી છું. તમે રાજા છો. હું રાજાને મળતો નથી.

રાજા પ્રતાપરુદ્ર તો મહાભક્ત પણ હતો.

તે હમેશાં ચિંતન કરે કે, ભગવાનના દિલમાં રાજા પ્રત્યે જ આ અ–પ્રેમ કેમ વસી રહ્યો છે? આ 'ના ના, ને ના' નો મહાધ્વનિ શું હશે? ભગવાનને મારા પ્રત્યે કાંઈ અકૃપા નથી. એટલે આ ના કહેવરાવે છે, તેમાં કોઈ સંકેત-ધ્વનિ રહ્યો છે.

જેમણે ગોવિંદ જેવા અતિ શૂદ્રને અપનાવી લીધો, ને અન્ય ભક્તોએ એની જાતિની વાત કરી, ત્યારે જવાબ દીધો કે ભક્તોનો વર્ણ, જાતિ, એક : ભક્ત. બીજો કોઈ એનો વર્ણ નહિ. બીજી કોઈ એની જાતિ નહિ. એ ભગવાન ચૈતન્ય, પોતાને મળવાની પણ કાં ના પાડે?

એને આનો કોઈ માર્ગ સૂઝે નહિ. આજે એણે આ ભક્ત મંડળી, અને મંડળીને મોખરે ભગવાન ચૈતન્યને જોયા. અને પોતાના ગુરુ સાર્વભૌમ પંડિતે કહ્યું હતું તે એને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાંભર્યું. 'તમે ભગવાન ચૈતન્યદેવની એક વખત હરિધૂન સાંભળો, તમને ભગવાનની 'ના'નો અર્થ ત્યારે સમજાશે.' આજે એ ધૂન એમણે સાંભળી. ને ભગવાન 'હરિ બોલો હરિ' એ ધૂન બોલતાં, નથી કાંઈ ભાન રહેતું, નથી કાંઈ જ્ઞાન રહેતું, નથી કોઈ સંજ્ઞા રહેતી. કેવળ પ્રેમસાગરની ઊર્મિ પછી ઊર્મિ આવતી હોય, અને એમાં પોતે અવશપણે મહાઆનંદમાં તરતા હોય—કેવળ આટલો જ ભાવ એમના ચહેરામાંથી ઊઠે છે.

જાણે એમને મન પ્રેમ પ્રેમ અને હરિપ્રેમ સિવાય બીજી કોઈ વાત જ દુનિયામાં રહી નથી!

રાજા પ્રતાપરુદ્ર ત્યાં ઊભો ઊભો આ જોતો હતો. અને કોણ જાણે એને શું થયું, એ એકદમ જ જાણે ભગવાનના નકારનો અર્થ સમજી ગયો. સમજી ગયો કે રાજા, રાજા રહે,—એ ભક્ત બની શકતો નથી—ભગવાનની 'ના'નો આ અર્થ છે. એ એકદમ દોડીને, મોટો સાવરણો લઈને એ સૌની આગળ વધ્યો. અને એ તો ત્યાં વાળવા માંડ્યો!

એને સાર્વભૌમ પંડિતે જ કહ્યું હતું કે જ્યારે ભગવાન પ્રેમોર્મિના મહાસાગરમાં જાતને તદ્દન ભૂલી જાય છે, ત્યારે એના દેહને તમે ધરતી પર પડતો ટકાવી લેજો. એ રીતે જ તમે ભગવાનને મળી શકશો.

જ્યારે પ્રેમોર્મિના મહાન સાગરમાં ભગવાન ચૈતન્ય પોતાનું દેહભાન ભૂલી જવા મંડ્યા, ત્યારે એ પોતે જ પોતાની મેળે, જ્યાં પ્રતાપરુદ્ર વાળતો હતો ત્યાં આવીને ઊભા રહી ગયા. 'હરિ બોલો'ની ધૂન તો હજી ચાલુ હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ ત્યાં દેહભાન ભુલાતું જતું હતું. રાજા પ્રતાપરુદ્ર તરત ભગવાનના સાન્નિધ્યમાં ઊભો રહી ગયો. તેણે ભગવાનનો દેહ, નીચે પડતો ટકાવી લીધો.


ભગવાન, સંજ્ઞા આવતાં જ, એની સામે જોઈ રહ્યા.

એ વખતે ત્યાં કોઈ રાજા ન હતો, ભગવાનના રથના માર્ગની ધૂળ વાળનારો કેવળ ભક્તજન ઊભો હતો.

અને ભક્તજનને ભગવાન મળી રહ્યા હતા!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રાણુને ટકાવવા, પ્રાણ આપ્યા



દેશના છિન્નભિન્ન થતા પ્રાણુને ટકાવવા માટે, એક માણસે પોતાના પ્રાણ અર્પ્યા એની આ વાત છે.

બાદશાહ ઔરંગઝેબ એ વખતે તાજેતરમાં જ મૃત્યુ પામ્યો હતો.

દિલ્હીની ગાદી ઉપર તેનો પુત્ર બહાદુરશાહ આવ્યો હતો. પોતાની ગાદી ઉપર સ્થિર થવાના, એના પ્રયત્નો હજી ચાલી રહ્યા હતા. એ વખતે પૂના-સતારામાં એક મહાન કોયડો ઊભો થયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહારાષ્ટ્ર જીવશે કે મરશે? અંદરઅંદરના કલહથી મહારાજ શિવાજીનું મહાન સ્વપ્ન છિન્નભિન્ન થતું હતું. આધાર એ વખતે એક માણસ ઉપર આવીને લટકી રહ્યો.

એ માણસ તે રાણી તારાબાઈ–રાજારામની મહત્ત્વાકાંક્ષી રાણીનો–એક મહત્ત્વનો પંતસચિવ પોતે. એનું નામ શંકર નારાયણ. શંકર નારાયણ, પંતમંડળમાં એક આગળ પડતો પ્રધાન હતો. દૂધભાતની થાળી ઉપર જેમણે તારાબાઈના બાળક શાહુની પડખે ઊભા રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી, તેમાં એ હતો. મહાન શિવાજીનો પૌત્ર, શાહુ, મોગલરાજની કેદમાંથી છૂટીને એ વખતે મહારાષ્ટ્રમાં આવ્યો હતો. એણે મહારાષ્ટ્રરાજને એકત્રિત કરવાનો મહાપ્રયત્ન આદર્યો હતો.

પણ મહત્ત્વાકાંક્ષી તારાબાઈએ, એ વખતે એક વાત ઉડાડી. ને ઉડાડી તેવી એ સફળ પણ થઈ. એણે પ્રચાર કર્યો "આ શાહુ, એ મહાન શિવાજી મહારાજનો પૌત્ર જ નથી. કોઈ વેષધારી છે. દિલ્હીવાળાઓએ એને મોકલ્યો છે, મહારાષ્ટ્રધર્મમાં બાડખીલી નાખવા માટે, મહારાષ્ટ્રને વિભક્ત કરી નાખવા માટે. એની પડખે કોઈ ન ચડતા."

એનો એ પ્રચાર ચાલ્યો પણ સારી રીતે. ભલભલાનાં મન દ્વિધામાં પડી ગયાં. બે પક્ષ જ સ્થપાઈ ગયા. શિવાજી મહારાજના પુત્ર સંભાજીનો દિલ્હીમાં વધ થયો, ત્યારે આ બાળક નાનો. એ મોગલ દરબારમાં ઊછર્યો. ખરી રીતે ગાદીનો વારસ હવે એ હતો. પણ સંભાજીના નાના ભાઈ રાજારામની વિધવા તારાબાઈએ એને તદ્દન વેષધારી ઠરાવ્યો. પોતાના પુત્રને



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આગળ કર્યો. શાહુની પડખે ઊભા રહેતાં, મહારાષ્ટ્રધર્મનો જ લોપ થશે, એવી ભીતિ ઘણાના દિલમાં પ્રગટી. એમણે શાહુને જ ટાળી નાખવાનો મહાન પ્રયાસ આદર્યો. કિલ્લાઓ જીત્યા. પૂનાની આસપાસમાં જ શાહુને થોડી સત્તા મળી. બાકી બધે જ એનો પરાજય હતો. તારાબાઈના પક્ષમાં શંકર નારાયણે જ પ્રથમ પ્રતિજ્ઞા લીધી હતી. એ તારાબાઈને પડખે ઊભો હતો. શાહુ સામે એ પણ ઝઝૂમી રહ્યો હતો. એને મચક ન આપવાની એની પ્રતિજ્ઞા હતી. એ રાજભક્તિને વર્યો હતો.

અને એણે એ પ્રમાણે કરી પણ બતાવ્યું હતું.

પણ એક પળ એવી આવી, જ્યારે એને અંતઃકરણમાં ખાત્રી થઈ ગઈ કે, શાહુ એ મહાન શિવાજી મહારાજનો સાચો જ પૌત્ર છે. એમાં મીનમેખ નથી. રાજનો સાચો વારસ એ છે. મહાન પિતામહનો વારસો લેવા માટે એ આવ્યો છે. એને છેહ દેવો, એ મહાન શિવાજી મહારાજના આત્માને છેહ દેવા બરાબર છે. રાજ એનું છે. એને મળવું જ ઘટે છે.

પંતપ્રધાન શંકર નારાયણના દિલમાં આ વાત સાચી લાગી. પણ ત્યારે એક મહાન કોયડો ઊભો થયો. હવે ? હવે એણે શું કરવું ?

એના એકના નિર્ણય ઉપર પણ અત્યારે ઘણો આધાર રહેતો હતો. શાહુ મહારાજને, એનો વારસો મળશે કે પછી મહાન શિવાજીનો આત્મદ્રોહ થશે ? એનું સ્વપ્ન છિન્નભિન્ન થશે ? મહારાષ્ટ્રધર્મ જીવશે કે મરશે ?—એક વિકટ કોયડો પંતપ્રધાનની સામે ઊભો થઈ ગયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પંતપ્રધાન મનમાં ઊંડે ને ઊંડે ઊતરે છે. પણ જેમ જેમ વિચારે છે, તેમ તેમ કોયડો વધુ ને વધુ વિકટ થતો જાય છે. એનો કોઈ ઉકેલ એમને જડતો નથી. અને એનો જો ઉકેલ નથી, તો મહારાષ્ટ્રધર્મનો જયવારો પણ નથી. પછી તો છિન્નભિન્ન થયેલા કેવળ નાના નાના જાગીરદારો દિલ્હીના બાદશાહની કે નિઝામ ઉલ્‌ મુલ્કની સલામ કરીને, રોટલો સાચવી શકે. એ સ્થિતિ પાછી સરજાઈ જાય.

મહાન શિવાજીનું મહાન સ્વપ્ન આવ્યું આવ્યું ને ચાલ્યું ગયું, એવી હવા થઈ ગઈ હતી. સ્વપ્ન વેરવિખેર થઈ જતું હતું, ફરીને તે કોઈ દિવસ હવે પ્રગટે એ વાત ન ભૂતો ન ભવિષ્યતિ જેવી અશક્ય લાગતી હતી. મહાન સ્વપ્ન વારંવાર જન્મતાં પણ નથી. પણ પોતે જો પોતાના મનની સાચી માન્યતાને આધારે, શાહુનો પક્ષ લે છે, તો પણ વિરોધીઓનો અડ્ડો બળવાન બને છે. એ બધા જ કહેવાના, પંતપ્રધાનને પણ પેલા ઠગ વેષધારીએ કાં ભોળવી લીધો, કાં ખરીદી લીધો.

જો એ તારાબાઈના પક્ષને જ વળગી રહે છે, તો મહાન શિવાજી મહારાજના વારસને દગો આપ્યો કહેવાય છે. ધર્મસંકટ ઊભું થયું છે. એનું એને ક્યાંય સમાધાન જડતું નથી. કોઈ પક્ષમાં જવાથી, એને કોયડો ઊકલે એમ લાગતું નથી. ગમે તે પગલું એ લે, કોયડો વધારે વિકટ થવાનો. પક્ષો વધારે ઉગ્ર બનવાના. આંતરવિગ્રહ વધારે અટપટો થવાનો. બધાને જ છિન્નભિન્ન કરી નાખવાનો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બધાના દિલને પોતે એ ખાત્રી કરાવી શકે કે, શાહુ સાચો વારસ છે—તો જ આ કોયડો ઊકલે.

પણ એ બને શી રીતે? પોતે જેટલી વધારે સચ્ચાઈથી, ને જોરશોરથી આ વાત કરે છે, તેટલી જ સામા પક્ષની આશંકા વધારે દૃઢ બને તેવી હવા છે. કોઈ રીતે સામા પક્ષના દિલની શંકાને એ નિર્મૂળ કરી શકતો નથી.

જો વાત નથી કરતો, તો મહાન શિવાજીને પોતે છેહ આપે છે.

ત્યારે આનો ઉપાય શું?

સૌ જાગી જાય, વિચાર કરતા થાય, મહારાજ શિવાજીના વારસને એનો વારસો સોંપવામાં જ મહારાષ્ટ્રધર્મ જળવાશે ને ધર્મપંથ પણ એ જ છે, એવો હૃદયપલટો સરજાય, એ શી રીતે બને?

હથિયાર ખખડાવવાથી એ શક્ય નથી. રણભૂમિમાં એનો ઉકેલ નથી. વાદવિવાદથી એ સત્ય સ્થાપી શકાય તેમ નથી. રિસામણાં-મનામણાં કરવાથી પણ ગાંઠ રહી જવાની. ને એ વારંવાર ઊખળવાની. તક અત્યારે આવી હતી કે જ્યારે, મહારાષ્ટ્ર એક જ સંગઠિત હોય તો, પોતાનો વિજયધ્વજ આખા ભારતવર્ષમાં લહેરાવે.

મહાન શિવાજીના વારસાને જાળવવાની, આ એક છેલ્લી તક મળી ગઈ હતી. અને એ તક હાથમાંથી સરી જતી હતી.

શંકર નારાયણે ઘણો ઘણો વિચાર કર્યો. છેવટે એણે એનો ઉકેલ પોતાના આત્મસમર્પણમાં દીઠો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નહિ આ પક્ષમાં, કે નહિ તે પક્ષમાં, કેવળ પોતાને મળેલું સત્ય, પોતે બીજાને સમજાવી શકતો નથી, એ ઘટના માટે, પોતે આત્મસમર્પણ કરે.

આ એક જ પંથ હતો. અને એનો આ નિર્ણય જાહેર થતાં તો સનસનાટી વ્યાપી ગઈ. તરત હવાએ પલટો લીધો. ઘણાને લાગ્યું, નારાયણ શંકરની સચ્ચાઈ, એની પાસે આ કરાવે છે.

અને નારાયણ શંકરે, સાચા બ્રાહ્મણને છાજે તેમ જલ-સમાધિની તૈયારી કરી.

એણે પહેલાં તો પોતાની ફારગતી લખી નાખી. સંન્યસ્તનો વેષ પહેરી લીધો. અને નીરા નદી ઉપર સાધુ તરીકે રહેવા લાગ્યો.

પણ વિરોધપક્ષના બળમાં માનનારા, અને તારાબાઈ માટે જીવન-ન્યોછાવરીને વરેલા બીજા પ્રધાનોએ કહ્યું : ‘ અશક્તિમાન્ ભવેત્ સાધુ ! ભાઈ, સાધુ થવું સહેલું છે. મુશ્કેલ તો છે, માર્ગ કાઢવો તે.’

એની ભીરુતાને બધાએ અપાય એટલા શિરપાવ આપ્યા.

એ ન રહ્યો સાધુ, ન રહ્યો સૈનિક. ન રહ્યો પ્રધાન. કેવળ ભીરુધર્મને વરેલો નિર્માલ્ય ગણાયો.

પણ શંકર નારાયણને તો બધાના દિલમાં સાચી વાત સમજાય તેવો હૃદયપલટો જોઈતો હતો. એણે આ બધા ઉપાલંભ ન ગણકાર્યા. મશ્કરીઓ ન માની. સમજાવટ પણ ન સ્વીકારી. પોતે જે માનતો હતો, તેની પ્રતીતિ આપવા એ તૈયાર થયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એણે પોતાના માટે એક નાનો તરાપો કરાવ્યો. એ તરાપાને ચારે પાયે ચાર કુંભ મુકાવ્યા. દરેક કુંભને તળિયે એણે ઝીણાં છિદ્ર રખાવ્યાં. પછી પોતે નીરા નદીનાં જળને પ્રણમીને, તરાપા ઉપર ચડી બેઠો.

ધીમેધીમે પાણીમાં તરાપો આગળ વધવા મંડયો.

સેંકડો ને હજારોને હિસાબે જનતા ઊભરાઈ. નદીના બન્ને કાંઠેથી મૂકસમર્પણની ભવ્યતાને, અંજલિ આપતા સેંકડો મસ્તકો નમી રહ્યાં.

નદીનાં ઊંડાં જળમાં તરાપો આવ્યો. ધીમેધીમે કુંભમાં પાણી ભરાતું જતું હતું.

લોકો મૂંગા બનીને આ શહાદતને નિહાળી રહ્યા હતા. કોઈ કાંઈ બોલી શકતું ન હતું.

પણ તરત હવામાં વાત પ્રગટી : 'શંકર નારાયણે એકે જ મહારાજ શિવાજીના સાચા વારસને પિછાન્યો છે. અને ન્યાય અપાવવા પોતે અત્યારે જલસમાધિ લઈ રહ્યો છે. ધન્ય છે, એને!—એણે મહારાષ્ટ્રના મહાન શિવાજીના વારસાને સાચી અંજલિ આપી!'

અને ધીમેધીમે અદૃશ્ય થતો તરાપો જલમાં સમાઈ ગયો તે પહેલાં તો, મહારાજ શાહુ માટે, દરેકના દિલમાં એક નવી જ હવા પ્રગટી ગઈ.

મહારાજ શાહુએ પોતે, અદૃશ્ય થતા સેનાપતિ શંકર નારાયણને અભિવાદન કરતાં આજ્ઞા આપી, 'એના ઘોડિયામાં સૂતેલા નાના બાળકને પારણે પંતસચિવની અધિકારમુદ્રા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાંધી આવો. ભવિષ્યનો મહારાષ્ટ્રનો પંતસચિવ એ બાળક છે. નારો શંકર!'

અને એક પણ માણસને રણભૂમિમાં ઉતાર્યા વિના જ, બધાના દિલમાં એક વાત ઊગી નીકળી કે, મહારાષ્ટ્ર તો ટકશે, જો મહાન શિવાજીનો મહાન વારસો, એના સાચા વારસને મળશે તો.

શાહુ મહારાજના વિજયઘોષથી કંદરાઓ ગાજી ઊઠી. કોઈ લડ્યું ન હતું, પણ નિર્ણયાત્મક યુદ્ધને, એક માણસની સાચી તમન્નાએ જીતી આપ્યું હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# એક નાની તેજરેખા



એક નાનકડી રિયાસતના એક તરુણે, પોતાના પરાક્રમથી બાપદાદાની ભૂમિ પાછી મેળવી, તેની એક નાનકડી કથા મળી આવે છે.

છે તદ્દન નાનકડી જ વાત: મોટા ઇતિહાસ–પ્રસંગોમાં એની ગણના ન થાય, એવી નાનકડી, પણ એમાં જે સ્વ-પરાક્રમની તેજરેખા છે, એ તેજરેખા જ મૂલ્યવાન છે.

એ તેજરેખાને અનુલક્ષીને જ આંહીં એ કહેવાઈ છે.

આ વાત છે ઈ. સ. ૧૭૩૦–૪૦ના જમાનાની. તે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વખતે પૂનામાં પેશ્વા બાજીરાવ. વડોદરામાં પિલાજીરાવ ગાયકવાડ. મોગલાઈ, એ વખતે અસ્તપંથે પડેલી.

હાલ જ્યાં ધરમપુર અને એનાં ગાઢ જંગલ છે, ત્યાં, પાસે, દસેક ગાઉ દૂર માંડવી છે. તે વખતે આ માંડવીનું નાનકડું રાજ સ્વતંત્ર હતું. અને પોતાની નાનકડી ઠકરાતમાં જેટલો પાળી શકાય તેટલો રજપૂતી ધર્મ ત્યાંના રાજાઓ પાળતા હતા. અને એ રીતે એ યોદ્ધાઓ તરીકે મહાન પણ ગણાતા હતા. પૂનામાં રાજા શાહુની આણ ચાલતી હતી. પણ કર્તા–કારવતા પરાક્રમી બાજીરાવ હતો. વડોદરામાં ગાયકવાડ પિલાજીરાવની ગાદી વિસ્તરતી હતી. એ વિસ્તાર ફેલાવવા માટે એ આસપાસની રિયાસતો જીતી લેતા હતા.

માંડવીમાં રાજા દુર્જનશાલ [દુર્જનસિંહ] હતો. એને પોતાની સત્તા નીચે લેવા માટે પિલાજીરાવ ગાયકવાડે, બે–ત્રણ વખત હુમલા કર્યા. પણ તેમાં હાર થઈ.

છેવટે દુર્જનશાલનાં પોતાનાં જ દ્વેષી સગાંસંબંધીઓને સાધીને, ગાયકવાડે માંડવી જીત્યું. રાજા હારી ગયો. એને નાસવું પડ્યું. એ જંગલમાં છુપાઈ ગયો. મદદ મેળવવા માટે ને રાજ પાછું મેળવવા માટે પ્રયત્નો કર્યા. પણ બધા જ પ્રયત્નો અફળ ગયા.

જે પ્રમાણે મોગલ બાદશાહોની બોલબાલા હતી, ત્યારે તમામની નજર દિલ્હી તરફ હતી, તેમ અત્યારે પૂનામાં મહાન બાજીરાવ હતો, એટલે બધાની નજર પૂના તરફ દોડતી.

દુર્જનશાલે પણ મન સાથે નિર્ણય કર્યો કે પેશ્વાના



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દરબારમાં પહોંચવું, ને સ્વપરાક્રમથી બાપનું રાજ પાછું મેળવવું.

દુર્જનશાલ [દુર્જનસિંહ] એટલા માટે થોડા વિશ્વાસુ નોકરો લઈને પૂના ગયો.

પૂનામાં રાજા હમેશાં ફરવા માંડયો. એને પેશ્વા સરકારનું ધ્યાન પોતાના તરફ ખેંચવું હતું. પણ કોઈ એવો પ્રસંગ આવતો ન હતો.

એવામાં એને ખબર પડી કે અમુક દિવસે ઘોડાઓની શરત થવાની છે. એમાં એક શરત એવી આકરી હતી કે એ શરતમાં ઘોડેસવાર ભાગ્યે જ જીવતો પાછો ફરે.

લગભગ વીશ હાથ વ્યાસના એક જળભંડારી કૂવા ઉપર લાકડાનું મજબૂત પહોળું પાટિયું મુકાયું હતું. એ પાટિયા ઉપર થઈને જે દોડતે ઘોડે, ગતિને જરા પણ મંદ કર્યા વિના, સામે પાર જાય, તે શરત જીત્યા કહેવાય. ગતિ મંદ થઈ કે શરત હાર્યો. જે શરત જીતે એને પેશ્વા સરકાર સરપાવ આપે, નવાજે; ખુશીમાં આવી એને એ માનઅકરામ પણ આપે. એની ઇજ્જત વધે. ઘણા માણસો એ માટે પણ આમાં ઊતરે.

રાજા દુર્જનશાલે, આ શરતમાં પોતાનો એક અચ્છામાં અચ્છો ઘોડો ઉતારવાનો નિર્ણય કર્યો. પોતાની સાથે તાલીમ પામેલા સવારોમાંથી, જે નિર્ભય ને અડગ સવાર ગણાતો હતો, તેને આ કામ માટે તૈયાર કર્યો. અને સાથે સાથે એને વધુ તાલીમ પણ આપી. શરતમાં તો એટલી જ વાત હતી કે ગતિ મંદ થયા વિના, પાટિયા ઉપરથી સોંસરવું નીકળી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જવું જોઈએ. જરા પણ ભૂલ થાય, તો ઘોડો ને સવાર બન્ને, નીચે જળભંડારી કૂવામાં જ ખાબકે. પછી જેવાં એનાં નસીબ. જીવન-મરણનો ખેલ હતો. દુર્જનશાલે આ શરત માટે તો પૂરી તૈયારી કરી, પણ તે ઉપરાંત, એણે વધુ તાલીમ બતાવવાનો નિર્ણય કર્યો.

સવાર, પાટિયા ઉપર અરધે રસ્તે પહોંચે, અને તરત જ એણે એવી તો અજબ સ્ફૂર્તિ બતાવવાની હતી કે, ઘોડાને એ રસ્તે જ, એ પાછો પણ વાળી બતાવે.

અરધે રસ્તેથી આમ ઘોડાને પાછો વાળવો, એ તો જીવંત મૃત્યુને નોતરવા જેવું જ હતું.

પણ દુર્જનશાલે એ માટે પણ ઘોડેસવારને તૈયાર કર્યો.

બરાબર શરતને દિવસે શરત શરૂ થઈ. હજારો માણસો ત્યાં આવ્યાં હતાં. સૈનિકો, સેનાપતિઓ, સરદારો, બધા આ શરત જોવા મેદાનમાં આવ્યા હતા. પેશ્વા બાજીરાવ પોતે અચ્છો ઘોડેસવાર હતો. એટલે એ તો ખાસ રસથી ત્યાં જોવા માટે આવ્યો હતો.

શરત શરૂ થઈ. પણ વિશાળ મોટો કૂવો અને લગભગ વીશ હાથનું અંતર, અને તે પણ કેવળ એક પાટિયાને આધારે કાપવાનું—ઘણાની તો ત્યાં જતાં જ છાતી બેસી જતી હતી.

કોઈક વેગમાં જતા, પણ તરત જ સાવધ બની જતા હતા. શરત. શરતને ઠેકાણે રહેતી, અને જીવ બચાવવા માટે એ ધીમે ધીમે પાટિયું પસાર કરી જતા.

કોઈ મરદનો બચ્ચો સાંગોપાંગ શરત પાર કરી શકયો નહિ. પેશ્વા સરકારને કાંઈક નિરાશા પણ થઈ. જેમનાં રાજ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઘોડાનાં 'જીન' ઉપર કહેવાતાં, તેમાંથી કોઈ જ વિરલો, આ શરત પાર કરનારો નહિ નીકળે કે શું?

એ વખતે રાજા દુર્જનશાલનો સવાર આવીને, ત્યાં નમન કરતો ઊભો રહ્યો.

તેણે શરતમાં ઊતરવાની રજા માગી. રજા મળી. એક ઘડીમાં તો જેમ વીજળી ઝબકે તેમ, રાજાનો ઘોડો ઊપડ્યો. અને હજી તો જોનારા શું થાય છે એ જોવા, આંખ મીંચીને ઉઘાડે, ત્યાં તો એ સામે પાર જઈને ઊભો રહ્યો હતો! વીજળીના ઝબકારાની જેમ વાત થઈ ગઈ હતી.

ઠેરઠેરથી પ્રશંસા થવા માંડી. પેશ્વા સરકારે પોતે સવારને બોલાવ્યો: 'તું કોણ છે?'

'મહારાજ! હું તો એક અદનો મુસાફર છું. મને શું આવડે છે? મારી સાથે એક બીજો છે, તે તો આ શરતમાં જ નવી રમ્મત કરી બતાવે છે!'

'કોણ છે એ?'

તરત બીજો સવાર પણ હાજર થઈ ગયો.

પેશ્વા સરકારે પૂછ્યું: 'તમે કોણ છો?'

'અમે માંડવીના રાજા દુર્જનશાલના માણસો છીએ. આ શરત જોવા આવ્યા, ને થયું કે લાવો, આપણે પણ ઊતરીએ. ગુન્હો થયો હોય તો માફી માગીએ છીએ!'

'પણ આ બીજો સવાર શું વધુ રમ્મત બતાવવાનો છે?'

'મહારાજ! એ અરધેથી ઘોડાને પાછો વાળશે!'

'હેં!' પેશ્વા બાજીરાવ પણ આ સાંભળીને ચકિત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થઈ ગયો. એ વાત માત્ર એને અશક્ય નહિ—જીવતા મૃત્યુને નોતરવા જેવી લાગી.

પણ એટલામાં તો બીજા સવારે, સલામ કરીને, રજા લીધી. તે દોડતે ઘોડે પાટિયા ઉપર ગયો. અરધે પાટિયે પહોંચ્યો. અને જાણે એનો ઘોડો, મીણનો હોય ને સવારની ઇચ્છાએ ઇચ્છાનો જાણકાર હોય, તેમ અજબ જેવી સ્ફૂર્તિથી પોતાની જાતને તેણે તરત પાછી વાળી!

જાતને પાછી વાળી અને એક ક્ષણમાં ગતિ પકડતાં તે જમીન ઉપર આવી ગયો. ને છેક પેશ્વા સરકાર પાસે આવીને સવારે ઘોડા ઉપરથી નીચે ઊતરતાં કુર્નિશ બજાવી, ત્યારે તો બધાને ખબર પડી કે શું થઈ ગયું!

પેશ્વા સરકાર ખુશ ખુશ થઈ ગયા. તેણે માંડવીના રાજા દુર્જનશાલને બોલાવીને તેને માન આપ્યું. તેની પ્રશંસા કરી. તેને પોતાના દરબારીઓમાં યોગ્ય સન્માન સાથે જગ્યા આપી.

પણ રાજાને મળેલું આ માન, કેટલાક તેજોદ્વેષીઓને ખૂંચી રહ્યું હતું. એવામાં એક પ્રસંગ આવ્યો. વસઈના કિલ્લાને પેશ્વા સરકારે ઘેર્યો હતો. ત્યાં ફિરંગીઓ હતા. મચક આપતા ન હતા. બાર બાર હજાર માણસો ત્યાં ઘેરામાં રોકાયા હતા. છેવટે નામોશીભરી પીછેહઠના સમાચાર આવ્યા હતા.

એ વખતે દુર્જનશાલે ત્યાં જવાની તૈયારી બતાવી.

એણે પોતાની સાથે માત્ર પોતાના જ દોઢસો સવારો લીધા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દુર્ગ લેવો અઘરો હતો. કારણ કે કિલ્લા ફરતી ખાડી હતી.

એમાં ભરતીનાં પાણી આવતાં, અને ત્યારે કોઈની મગદૂર ન હતી કે કિલ્લાને અડી શકે.

રાજાએ પહેલવહેલાં તો અનુભવી માછીમારોનો સંસર્ગ સાધ્યો. પાણીના ભરતી-ઓટના સમય બરાબર નોંધ્યા.

કિલ્લો અભેદ્ય ન હતો. પણ આ જળબંબાકારને લીધે અભેદ્ય બની ગયો હતો.

રાજાએ સમયનો બરાબર અભ્યાસ કરી, અને દુશ્મન અસાવધ હોય એવો વખત સાધીને, પોતાનું નાનકડું સૈન્ય ઓટ વખતે ઉતારી દીધું.

વસઈના કિલ્લાની એણે જીત કરી. પણ એ સમાચાર એનાથી પૂના મોડા મોકલાયા.

એ વખતે પણ તેજોદ્વેષી રાજનીતિજ્ઞો, રાજા દુર્જનશાલને માટે કાંટાળો મુગટ તૈયાર કરવાની વેતરણમાં પડ્યા હતા.

પણ બાજીરાવે પોતે જ બધી હકીકત મેળવી. અને જાણ્યું કે રાજાએ જીતના સમાચાર મોડા મોકલાવ્યા, તેમાં તેનો કોઈ ખરાબ હેતુ ન હતો. પણ પોતાના એક શૂરવીર ભાટ દસોંદીના મરણથી રાજા ખિન્ન થઈ ગયો હતો, તેથી સમાચાર મોડા પડ્યા હતા.

પેશ્વાએ મોટો દરબાર ભર્યો. રાજાને માન આપવા માટે તેને ઉચ્ચ આસને બેસાર્યો.

અને બાજીરાવે એને મનમાં આવે તે માગી લેવાનું કહ્યું.

રાજા દુર્જનસિંહ મહિડાએ એટલું જ કહ્યું : 'મને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મારી જન્મભૂમિ—માંડવી પાછું આપો!'

પેશ્વાએ કહ્યું: 'એ તો તમને મળશે જ. પણ એટલામાં શું? વધારે માગો!'

રાજાએ વધુ કાંઈ પણ માગવાની ના પાડી.

બધા રાજદરબારીઓ મહિડા દુર્જનશાલની, આ અજબ જેવી, ક્ષત્રીવટ જોઈ રહ્યા.

પેશ્વા બાજીરાવે રાજાની રાણીને વધુ પાંચ ગામ પોતાના તરફથી આપ્યાં.

એક તરુણ માણસે પિતાની જાગીર આ પ્રમાણે સ્વપરાક્રમથી પાછી મેળવી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# કવિતાએ રંગ રાખ્યો !



મેવાડ ઉપર મહાન આફત ઊતરી હતી. સરદારો, સામંતો, પટાવતો, નાના રજપૂત સૈનિકો પણ, શોકમાં ડૂબી ગયા હતા. બધે ગ્લાનિ છવાઈ હતી. લાગતું હતું કે જાણે હવે મેવાડનો સૂર્ય અસ્તાચળે જશે.

એવું શું બન્યું હતું મેવાડમાં ?

હિંદુસૂરજ મહારાણા સાંગાની હાર થઈ હતી. બાદશાહ બાબર વિજયી થયો હતો. દિલ્હી–આગ્રામાં હવે રજપૂતરાજ ફરીને આવે, એ આશા નિર્મૂળ થઈ ગઈ હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જીવનભર જેણે યુદ્ધો ખેલ્યાં હતાં, રણના ઘાવ પોતાના શરીર ઉપર ઝીલ્યા હતા, એમાં ને એમાં એક આંખ ખોઈ હતી, એક હાથ ખોયો હતો, એક પગ ગુમાવ્યો હતો, વીર-ઘાવથી શરીરને, નહિ નહિ તો એંશી એંશી જગ્યાએ વીંધાઈ જવા દીધું હતું, એ રાણુસંગને, આ પરાજય એવો તો ભયંકર મર્મ ઘા મારી ગયો કે રાણાજી પોતે એકલા—તદ્દન એકાકી—રણથંભોરના કિલ્લામાં બેસી ગયા.

નથી કોઈ સાથે બોલતા. નથી કોઈ સાથે વાતચીત કરતા. નથી એમનામાં ફરી કાંઈ કરવાનો ઉત્સાહ પ્રગટતો. નથી આ પરાજય વિષે પણ એક સખૂન કોઈને કહેતા.

બબ્બે લાખની જંગી વીરત્વભરી રજપૂતસેના રણ-સંગ્રામમાં ફત્તેપુરસિક્રી પાસે ભેગી થઈ હતી. પાંચસો તો મહારાણાના મહાન ગજરાજો ત્યાં હતા. જેમનાં નામ લેતાં ધરતીને પણ રોમાંચ થઈ આવે, એવા જબરજસ્ત યુદ્ધવીરો પણ ત્યાં મદદે આવ્યા હતા. ચંદેરીનો રાજા મેદિનીરાય હતો. પ્રસિદ્ધ મીરાંબાઈનો પિતા રાવ રતનસિંહ મેડતિયા હતો. ઈડરનો રાવ ભારમલ હતો. ધ્રાંગધ્રા હળવદ પાસેની મોટી સાદડીનો, અજોજી ઝાલો, છેક સૌરાષ્ટ્રમાંથી આવ્યો હતો. સલુંબરનો વીર રાવ રતનસિંહ હતો. મારવાડનો રાયમલ રાઠોડ. એક કરતાં એક વધે એવા વીરપુરુષો ત્યાં હતા.

અને એવા તો બીજા નાના પણ અનેક સરદાર–સામંતો ત્યાં હતા. સામે પક્ષે બાબરના સૈન્યમાં ભયંકર નિરાશા જન્મી હતી. કાબુલથી પાંચસો ઊંટ ઉપર દારૂ આવ્યો હતો—અને



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બધા દારૂની મહેફિલમાં પડી ગયા હતા. એક નજૂમી–મહમ્મદ શરીફે તો બાબરના મંગળનું ભવિષ્ય પણ ભાખ્યું હતું —પરાજય. અને એ બધી વાત છતાં, છેવટે હિંદુભાણ રાણા સંગની એવી તો જબરદસ્ત હાર થઈ કે, એમાંથી હવે કોઈ દિવસ બેઠું જ થવાશે નહિ—એવી નિરાશા બધે વ્યાપી ગઈ. રાણાજીના મનમાં ભયંકર ગ્લાનિ છવાઈ ગઈ. એ એકલા રણથંભોરમાં બેસી ગયા.

પરાજય તો ભયંકર હતો જ; પણ રાણાજીની આ ગ્લાનિ તો ખતરનાક હતી. ભૂમિમાં જાણે રજપૂતી વિદાય લઈ લેશે એવું લાગતું હતું.

એ વખતે ટોડરમલ છાંછલ્યા નામે એક ચારણ મહારાણાને મળવા માટે આવ્યો.

ચિત્તોડગઢ આવ્યો, તો ખબર પડી કે મહારાણા તો કોઈને મળતા નથી. પણ એણે તો કહ્યું કે મારે તો મળવું જ છે.

દરબારીઓએ ઘણું સમજાવ્યો કે ભાઈ! રાણાજીને એવી ગ્લાનિ આવી ગઈ છે કે નથી કોઈને મળતા, નથી કોઈ સાથે બોલતા, નથી કોઈને જવાબ દેતા, નથી વાત કરતા. ત્યાં જવાની પણ મના છે, એટલે તારે જે જોઈતું હોય, તારી જે વાત હોય તે એમને કહે, અમે તારું વેણ પૂરું કરીએ.

પણ ચારણ તો કહે, ના, મારે તો રાણાજીને મળવું છે ને મળવું છે. પછી ભલે કાંઈ ન બોલે!

ચારણ ન માન્યો. એ તો એક જ વાત કહે, મારે તો રાણાજીનાં દર્શન કરવાં છે, બીજી વાત નથી. જો મહારાણાજીને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મારે મળવાનું નહિ થાય, તો કાંઈ નહિ. મારે પણ બીજે ક્યાંય જાવાનું નથી.

હું આંહીં જ અન્નજળ ત્યાગીને દેહ પાડી દઈશ.

બાકી રાણાજીને મળ્યા વિના મારે જાવું નથી.

પણ રાણાજીની તો સખત મનાઈ છે, કોઈને પણ પોતાની પાસે આવવા દેવાની. એટલે બધા મૂંઝાયા. છેવટે મંત્રીઓએ એવો બંદોબસ્ત કર્યો કે રાણાજીના મહેલની બહાર, એક પડદા પાછળ રહીને, ભલે આ ચારણ રાણાજીને જોઈ લ્યે!

એ પ્રમાણે ટોડરમલે રાણાજીને જોયા, એમની મુખ-મુદ્રામાં છવાઈ ગયેલી મહાગ્લાનિ જોઈ. જેણે યુદ્ધમાં, આખા જીવનમાં કોઈ દિવસ પરાજય મેળવ્યો જ ન હતો, એની એક આંખમાં જે કોઈ વિષાદ છવાઈ ગયો હતો, તે ચારણે વાંચ્યો. અને એનું પોતાનું દિલ દ્રવી ગયું.

હિમાચળે શિખર નમાવ્યા જેવું આ દૃશ્ય હતું. સમુદ્રે જાણે માઝા મૂકી હતી. રાણોજી નથી બોલતા, નથી ચાલતા, નથી મટકું મારતા. મા ધરતીને નિહાળી રહ્યા છે. જાણે કહેતા હોય કે 'અરે મા! અમે તને દગો દીધો!'

છાંછલ્યા ટોડરમલના દિલમાંથી અચાનક આકાશગંભીર અવાજ ઊઠ્યો:

સત બાર જુરાસિંધ આગલ શ્રીવર,
બેમુહાટી કમદી ધબગ
મેલી ઘાત મારૈ મધુસૂદન,
અસુર ઘાત નાખી અલગ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભગવાન શ્રીકૃષ્ણ જરાસંધથી કેંક વાર હાર્યા, પણ છેવટે તો એમણે જ એને હણ્યો.

એકો ભીમ કુમેરા આગલ,
બાંવ તજેગો જૂઝ બલ,
પામી બેલાં પછે પંડ–સૂત,
ખેત પછાડે સોઈ જખલ.

કૌરવોથી ભીમ જેવો ભીમ, કેટલી વાર પાછો પડ્યો—પણ છેવટે તો એ પાંડવસુતે જ એને પછાડ્યો.

તો પછી,

હેક રા'ડ ભવ માંહિ અવત્થી,
અમર સઆણે કિંસૂ ઉર,
માલતણાં કેવા ઋણઆંગણ,
સાંગણ ઊભો સેલગુર.

તો હે સાંગણ ! હે રાણાસંગ ! તું તો એક જ લડાઈ હાર્યો છે, એમાં આટલો બધો ખેદ શું ?

તું તો દુશ્મનોના હૃદયનું હજી શલ્ય છે. હજી એમને વીંધી નાખવાની તાકાત તારામાં છે. તો હે રાણાસંગ ! ખેદ છોડી દે, ખેદ છોડી દે ! રામચંદ્ર જેવાએ તો સમુદ્રમાં સેતુ બાંધીને પણ દુશ્મનને હણ્યો હતો, એવો સેતુ તો તારે બાંધવો પડે તેમ નથી !

ખેદ શા માટે ? હે વીર ! ખેદ શા માટે ? પાછો પગ લીધા વિનાનો કોનો ઘા જનોઈવઢ થાય છે ?

કવિતની વાણી ડુંગરમાળામાંથી જાણે ગર્જના કરતા મેઘ જેવી ઘણેણી ઊઠી. અને એની સાથે જ રાણા સંગના દિલમાં ફરીને જાણે ઉત્સાહનું મોજું આવ્યું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એટલામાં તો સમાચાર આવ્યા કે, ચંદેરીના મેદિનીરાય ઉપર ચડાઈ થવાની છે.

રાણા સંગે ઊભા થતાં જ વીર હાક મારી : 'રજપૂતો ! ફરી શસ્ત્રો સજો ! આપણે ત્યાં જવું છે !'

કવિતાની વાણીએ ફરીને ઉત્સાહ અને ઉલ્લાસ પ્રગટાવ્યાં હતાં.

જે હારતો નથી, તેનું જીવન હારતું નથી, એ મહાપરાક્રમી સત્ય, એણે પ્રગટ કર્યું હતું.

રે દેવી કવિતા ! કોણ તને કહે છે કે તું કલ્પનાનો પરપોટો છે ?

તું જ જીવનનું મહાપરાક્રમ છે, મહાન ભાવના છે, એક મહાન સ્વપ્ન છે. તું જ જીવનને અમરત્વ અર્પે છે. માનવીના દિલમાં રહેલી તું અમરવેલ છે. તું નહિ હોય, ત્યારે માનવ પણ નહિ. પછી તો જંતુડાં હશે, ને જંતુડાંની વાતો હશે !

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

# રાણી દુર્ગાવતી



રે નારી ! ધન્ય છે તને, ધન્ય છે તને. તારા જમાનાના વિશ્વાસઘાતીમાં વિશ્વાસઘાતીને, માણુસ બનાવી દીધો. માણુસ શું—? વીરનો વીર બનાવી દીધો. હીનમાં હીન માણુસને દેવના દેવનું કામ કરવા તેં પ્રેર્યો. ધન્ય છે હે નારી ! ધન્ય છે તને !

એ જમાનો તે બાદશાહ બાબરની મોગલરાજની સ્થાપનાનો. હિંદભાણુ રાણા સાંગાના પરાજયનો.

જે વખતે બાબર બાદશાહ અને રાણો સંગ એકબીજાની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સન્મુખ લાવલશ્કર લઈને લડી લેવા માટે ફત્તેપુરસિક્રીના મેદાનમાં છાવણી નાખીને પડ્યા હતા, તે વખતની જ આ વાત છે. એક માણસ એ બન્નેની વચ્ચે સમાધાન થાય માટે આવજા કરી રહ્યો હતો. તે હતો રાયસેનનો તુંવાર રાજા શિલાદિત્ય. એના ઉપર રાણા સંગનો ભરોંસો હતો. એણે મોગલ બાદશાહનો ભરોંસો પણ કેળવ્યો હતો. એની જીભમાં અમૃત રહેતું હતું. એ મહાવિષધરના વિષધરને ભુલાવે એવો ડંખીલો ને ઝેરીલો હતો. એના સ્વભાવમાં જ આ વાત વણાઈ ગઈ હતી. વિશ્વાસઘાત કરવો, એમાં એને આનંદ હતો. એ આ બન્નેની વચ્ચે સમાધાન માટે પ્રયત્ન કરતો હતો. પણ છેવટે સમાધાન થયું નહિ. યુદ્ધ થયું.

આ સલહદી તંવરે [ શિલાદિત્ય તુંવારે ] યુદ્ધને દિવસે જે દગો દીધો, એ દગાએ સેંકડો રજપૂતવીરોને તે દિવસે રણમાં રોળી નાખ્યા. એ પોતાનું સૈન્ય લઈને સામે પક્ષે ભળી ગયો.

ખપી જનારાઓ ખપી ગયા. રાણોજી ઘાયલ થઈ મેદાન છોડી ગયા. બાબરનો વિજય થયો, ન ધાર્યો વિજય થયો. બાદશાહના પરાજયની આગાહી કરનારા નજૂમીને પણ બાદશાહે નવ હજાર રૂપિયા ઇનામ–અકરામના આપીને રવાના કરી દીધો—ફરી પોતાનું મોં ન બતાવે માટે. અને પોતે પણ આગ્રે ચાલ્યો ગયો.

પણ જેણે હિંદુભાણુને નિરાશાના ગર્ત્તમાં નાખી દીધો, જેણે સેંકડો વીર પુરુષોને રણમાં સુવારી દીધા, જેણે વિશ્વાસ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઘાત કરીને દેશ આખાને રોળી નાખ્યો—એ ભયંકર પરિણામમાં નિમિત્ત બનનાર, તુંવાર રાજા સલહદીનું શું થયું?

એને વિશ્વાસઘાતની રમ્મત રમીને જ પોતાનું રાજ વધારવાનો મોહ લાગ્યો હતો. એણે આ જ પ્રમાણે માલવ સુલતાન મહમ્મદશાહને દગો દીધો હતો.

ગુજરાતના સુલતાન બહાદુરશાહની સાથે મળીને એની પાસેથી બદલામાં ઉજ્જેન જેવી નગરી એણે મેળવી લીધી હતી.

પણ જે બાદશાહ બાબરે ન કર્યું, તે બહાદુરશાહે કરી બતાવ્યું. એણે આ વિશ્વાસઘાતીને પહેલાં તો માનઅકરામ આપ્યાં. પણ પછી એને જ એના ખોદેલા ખાડામાં ધકકેલી દીધો.

રાયસેનનો કિલ્લો એની પાસેથી મેળવી લીધો. એને મુસલમાન બનાવી દીધો. પણ રાયસેનનો કિલ્લો સલહદીએ ભલે આપ્યો; એના સ્વજનોએ કિલ્લો સોંપ્યો નહિ. બહાદુરશાહે બહુ પ્રયત્ન કર્યો, કિલ્લાને ઘેરો ઘાલ્યો. પણ કોઈ મચક આપે તેમ લાગ્યું નહિ.

તુંવાર રાજાના ભાઈ, પુત્રો, સ્વજનો બધાં કિલ્લામાં હતાં. એમણે જીવસટોસટ કિલ્લાનું રક્ષણ કર્યું.

પણ છેવટે તો કિલ્લો બહાદુરશાહને હાથ પડવાનો જ હતો. બહાદુરશાહ જાણતો હતો, કિલ્લેદારો પણ જાણતા હતા, એટલે એમને જીવતદાન આપવાની શરતે બહાદુરશાહે સંધિ ચલાવી. એ સંધિ કરવા માટે એણે મોકલ્યો—આ સલહદીને જ! પોતાના દુર્ગની પોતે સંધિ કરવા ગયો!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એ ત્યાં ગયો. અને કિલ્લો સોંપી દેવાની શરતે, સૌને જીવતદાન આપવાની બાદશાહની વાત રજૂ કરી.

બધા સાંભળી રહ્યા; કોઈ કાંઈ બોલ્યું નહિ. કિલ્લો જવાનો હતો, એ અનિવાર્ય હતું—સૌ એ સમજી ગયા હતા. એટલે હવે જીવતદાન લેવું કે નહિ—એટલો જ સવાલ એમની સમક્ષ હતો.

સલહદી બધાને સમજાવી રહ્યો હતો કે જ્યારે કિલ્લો ટકે તેમ નથી—કોઈ રીતે ટકે તેમ નથી, વહેલો પડે કે મોડો પડે એટલું જ—ત્યારે 'જીવતો નર ભદ્રા પામે' એ ડહાપણ-સૂત્ર બરાબર નથી? ફિર લડેંગે એ વાત એમને એ આપી રહ્યો હતો.

નાલાયકોની ને નિર્માલ્યોની પાસે ડહાપણની તો એવી એવી વાતો હોય છે કે જાણે સાંભળનારા સાંભળ્યા જ કરે! સાંભળનારાને તો એમાં જુગ જુગ જૂની કૈંક વાતો ભરેલી લાગે. સલહદીની વાતો પણ એવી જ હતી.

કોઈ કોઈ સ્વજનો ડગવા પણ માંડયા. જ્યારે કિલ્લો, જીવતે કે મર્યે પણ જવાનો જ છે—તો જીવતાં રહીને, કાં એ આપી ન દેવો? જીવતો નર ભદ્રા પામશે!

પછી તો જીવનનો મોહ સૌને લાગવા માંડયો.

પણ એ જ વખતે સાતસો રજપૂતાણીઓ સાથે એક વીરનારી આવતી ત્યાં દેખાણી.

એ બધી ત્યાં જ આવી રહી હતી, આ રજપૂતોની સભામાં.

એમના કપાળમાં સિંદૂર શોભતું હતું. કેશની લટો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એમની છૂટી હતી. એમના મોં ઉપર વીરાંગનાઓને છાજે એવો દૃઢ નિર્ણય હતો—એમની આંખમાં મૃત્યુનો અગ્નિ હતો. મોખરે રાણી દુર્ગાવતી હતી. સિલહદ્દીની એ પટરાણી.

એ ત્યાં ધીમે પગલે આવી. શાંત ઊભી રહી. પછી એણે અચાનક આગના ગોળા જેવી વાણી છોડી : 'તુંવારપતિ! આટલી આટલી નીચતા કર્યા પછી, હજી પણ રજપૂત! તને જીવવાનો મોહ છૂટતો નથી? તારા પોતાના જ દુર્ગ માટે, આવી નિર્લજ્જ સંધિ લઈને આવતાં, તને શરમ પણ નથી આવતી? આવી રીતે જીવવું, એના કરતાં તો મરવું હજાર દરજ્જે સારું છે.

'તેં ધર્મ તજ્યો. રજપૂતી તજી. માણસાઈ તજી. હવે તારા નરકમાં તારે જીવવું હોય તો જીવજે—અમારે કોઈને હવે જીવવું નથી. જીવનમાં મૃત્યુ કરતાં એવું શું વધારે છે? નીચે અગ્નિદેવ પ્રગટ્યા છે. હિમ્મત હોય તો સૌ જોવા ચાલો—અમે તો બધી સ્ત્રીઓ, તમારી શરમ ભૂંસી નાખવા માટે, અગ્નિદેવને શરણે જઈએ છીએ. હિમ્મત હોય, રાયસેનના તુંવારરાજા! હિમ્મત હોય, તો આનું વેર લેજે. તારામાં ક્યાંય માણસાઈનો છાંટો હોય તો—સરગ લોક તો મળશે—આમ નહિ મળે. આમ તો કૂતરા-કાગડાનું મોત મળશે. અને મોત કોને નથી?'

—અને એ સાતસો સ્ત્રીઓ સાથે એની વીરાંગના રાણી દુર્ગાવતી, અગ્નિદેવમાં આહુતિ બનવા માટે ચાલી નીકળી. બધા જોતા રહ્યા.

પણ પછી એક આશ્ચર્યનું આશ્ચર્ય થયું. જેણે જીવનભર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિશ્વાસઘાતની રાખમાં જ આનંદ લીધો હતો, જે આ સંધિમાંથી પણ પોતાનો લાભ લૂંટી લેવાની આશા રાખીને આવ્યો હતો, જેને હિંદુભાણુના વીરત્વે પણ અસર કરી ન હતી, તે નિર્માલ્ય જેવો તુંવારરાજા, ત્યાંથી તલવાર લઈને જ બહાર નીકળ્યો. અને એકલો ઊપડ્યો. અને પોતે એકલો એકલો, લડતાં લડતાં, ખપી ગયો!

રે નારી! ધન્ય છે તને, ધન્ય છે તને, તેં નરાધમમાંથી નરોત્તમ ઊભો કરી દીધો—અને તે પણ એક ક્ષણમાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ચાર જ પંક્તિ!



બાદશાહ અકબરના દિલ ઉપર એક ઘા થઈ ગયો હતો.

એણે આસીરગઢ ઘેર્યો હતો. પણ આસીરગઢ તો આસીરગઢ હતો. જો હિમાચળ ડગે, તો આસીરગઢ ડગે. એની રચના જ એવી હતી કે સાતપુડાના સો સો ને એકસો-વીશ વીશ ફૂટ ઊંચા, સીધા, ભયંકર ખડકો, એને ચારે તરફથી રક્ષી રહ્યા હતા. અને એનું પોતાનું ઊંચું, સીધું, ભયંકર ખીણો ઉપર તોળાઈ રહેલું, નવસો ફૂટનું આકરું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચઢાણુ, મોટા લાવલશ્કરનો પણ ઘાણુ કાઢી નાખે. આ કુદરતી રક્ષણુ ઉપરાંત, આસીરગઢને ફરતી ડુંગરમાળાઓને સાંધતી જતી, ત્રણુ ત્રણુ કિલ્લેબંધી હતી.

દુર્ગમાં પાણીનાં તો નિત ઝરણાં વહેતાં હતાં. દસ વરસ સુધી ઘેરો ઘાલનાર ઘેરો ઘાલીને પડચો રહે તો ભલે, બાકી આસીરગઢમાં દાણોપાણી કોઈ દી ખૂટે નહિ.

દાણોપાણી ખૂટે ને દુર્ગ પડે, એ વાત ન ભૂતો ન ભવિષ્યતિ જેવી હતી.

એટલે બાદશાહ અકબરે ચાંદબીબીને હરાવીને પાછા ફરતાં, આ અજિત કિલ્લો નજરમાં રાખ્યો હતો. દક્ષિણુ હિંદમાં જવું હોય તો દિલ્હીના સૈન્યને એની પાસેથી જ નીકળવું પડે.

એટલે હવે અહમદનગર જીત્યા પછી, આ કિલ્લો અજિત રહે એ ઠીક નહિ.

બાદશાહે વિષ્ટિથી, લાલચથી, કિલ્લો લેવાનો પ્રયત્ન કર્યો. પણુ કિલ્લાપતિ બહાદુરશાહને પણુ, પોતાના આ અજિત-ગઢનું ભારે અભિમાન હતું.

કિલ્લો એમ મળે તેમ ન હતો.

અકબરનો સેનાપતિ શેખફરીદ, ત્યાં કિલ્લાને ઘેરીને પડચો હતો. પણુ કિલ્લો ડગે એવી કોઈ આશા ન હતી.

અકબર બાદશાહ જાતે, અહમદનગર જીતીને પાછા ફરતાં ત્યાં આવ્યો. આસીરગઢ અજિત રહ્યો.

કિલ્લાપતિ બહાદુરશાહ, શેખફરીદને મળવા પણુ આવી

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

ગયો. શેખ ફરીદે વચન આપ્યું હતું કે વાટાઘાટ નિષ્ફળ નીવડે, તો બહાદુરશાહનો રસ્તો કોઈ નહિ રોકે.

વાટાઘાટો નિષ્ફળ નીવડી. બહાદુરશાહ પાછો કિલ્લામાં ગયો. તોપખાનું ચાલુ થયું. કિલ્લાની એક કાંકરી ક્યાંયથી ખરતી નથી. એ જોઈને બધાને આ અજિત કિલ્લાની રચના માટે નવાઈ લાગી.

આસીરગઢના કિલ્લાની એક પ્રણાલિકા હતી. એક કિલ્લેદાર મરે, તો બીજો તૈયાર હોય. બાકી કોઈ કિલ્લેદારના મૃત્યુથી એક પળ પણ લડાઈ ન થંભે. કિલ્લો જ રાજાનો રાજા હતો. બાદશાહનો બાદશાહ હતો. આ પ્રણાલિકા પ્રમાણે સાત સાત સીધા રાજવંશ વારસદારો તો, હમેશાં કિલ્લામાં હાજર હોય જ. સાત સીધા વારસદારોમાંથી કોઈને ગાદીપતિ થવાનો વખત આવે, ત્યારે એની જગ્યાએ બીજો આવી જાય. બાકી સાત સીધા વંશજ ત્યાં કિલ્લાપતિ તરીકે હાજર રહેવાના જ.

એટલે અકબરશાહના બે લાખના લશ્કરને પણ મચક મળતી ન હતી.

બાદશાહ અકબરે એ વખતે, એક નિર્બળ ક્ષણે, સિંહની રમ્મત છોડી, અને શિયાળનો વેષ ધાર્યો.

એણે બહદુરશાહને મળવા બોલાવ્યો.

એ વખતે બાદશાહી વચન અપાયું : ‘ સંધિની વાટાઘાટો નિષ્ફળ જાય, તો રાજા મીરાન, પોતાને સ્થાને નિર્ભય રીતે પાછા ફરે. એમાં કોઈની રોકટોક નહિ થાય.’

બાદશાહી વચન ઉપર વિશ્વાસ રાખી રાજા મીરાન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

[ બહાદુરશાહ ] આસીરગઢની બહાર આવ્યો. એ વખતે એ દુર્ગમાં થોડા ફિરંગી તોપચીઓ સૈન્યકામમાં રોકાયલા હતા. તેમણે ચેતવણી પણ આપી કે, આ અજિત કિલ્લો પોતે નહિ જીતે તો હવે દુનિયામાં હાંસી થશે, એમ લાગવાથી બાદશાહ આ વિશ્વાસ આપે છે, પણ ત્યાં જવું એ બરાબર નથી. એમાં સહીસલામતી નથી. પણ દિલ્હીના બાદશાહ અકબર જેવાનું વચન ફોક થાય અને તે પણ આવા યુદ્ધ-કાળે આપેલું—તો તો પછી થઈ રહ્યું. એમ માનીને બહાદુર-શાહ બાદશાહ અકબરને મળવા ગયો.

બાદશાહ અકબરનો દરબાર જ્યાં ભરાયો હતો, ત્યાં બહાદુરશાહ આવ્યો. ચારે તરફ સૈનિકો હતા. સરદારો, સામંતો, સેનાપતિઓ હતા. પણ એના મનમાં ક્યાંય શંકા નથી. લેશ પણ અવિશ્વાસ નથી. દિલ્હીશ્વર જેવાનું અભય-વચન છે, એમ માનીને એ તો કોઈ જાતના અંદેશા વિના સીધો દરબારમાં જ આવ્યો.

એણે આવીને મહાન બાદશાહને ત્રણ વખત નીચા નમીને કુર્નિશ બજાવી. અને પોતાની યોગ્ય જગ્યાએ બેસવા માટે એ પાછો ફરવા મંડયો.

પણ એટલામાં તો એની ઉપર વીજળીની ઝડપે કેટલાક સરદારો તૂટી પડ્યા. એક ક્ષણમાં એને ભોં ભેગો કરી દીધો. એને કેદમાં મૂકી દીધો.

અકબર ગાદશાહે રાજાને કહ્યું : 'તમે હુકમ આપો કિલ્લાપતિ ઉપર, કે બહારના કિલ્લેદારો કિલ્લો છોડી દે,

Ac. Gunratnasuri MS	Jin Gun Aradhak Trust

તો તમે પાછા જઈ શકો છો. અને અમારી–તમારી મૈત્રીની ગાંઠ વધુ દૃઢ બને છે.'

બાદશાહ બહાદુરશાહે હિમ્મતથી જવાબ વાળ્યો: 'જહાંપનાહ! આ તો દિલ્હીશ્વરનું બિરુદ લાજે છે. આપણી વાટાઘાટો હવે બંધ થાય છે. કિલ્લો તો અમારાં મુડદાં પડશે, ત્યારે જ હવે તો મળશે. તે પહેલાં નહિ. તમે વચન આપ્યું હતું. મારે હવે પાછું ફરવું છે! વાટાઘાટો પૂરી થઈ.'

'અથવા હવે શરૂ થઈ,' કોઈએ જવાબ આપ્યો.

બાદશાહી વચન તે દિવસે ફોક થયું.

રાજાને, ત્યાં બધાએ રોકી રાખ્યો.

આસીરગઢના અંદરની સેનાના સેનાપતિને આ ખબર પડી. એ જાતનો એબિસિનિયાનો સીદી હતો. નામ મલિક યાકુત સુલતાની. આ વાત સાંભળતાં જ, એણે પોતાના પુત્રને ત્યાં મોકલ્યો. આવા નિર્લજ્જ વચનભંગ માટે, બાદશાહને બે વેણ કહેવાં. એ માટે જ એ આવ્યો, ભલે, પરિણામ ગમે તે આવે.

પણ આંહીં તો એક જ વાત હતી. કિલ્લો સોંપી દો. મુક્ત બનો. અને પછી મોજથી રહો.

'તમારા અબ્બાજાનને કહો, કિલ્લો અમને હવાલે કરે. એટલે, રાજા મુક્ત. અમારે રાજા સાથે કાંઈ વેર નથી.'

જવાબ મળ્યો: 'જહાંપનાહ! કિલ્લો કોઈ સોંપે—અને તેમાં પણ મારા પિતાના હાથમાંથી એના જીવતાં કિલ્લો તમને મળે—એ વાતમાં કાંઈ માલ નથી. આસીરગઢમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાત સાત રાજાઓ બેઠા છે. એ સાતે મરી નહિ ખૂટે, ત્યાં સુધી કિલ્લો તો હવે મળી રહ્યો. પણ ધારો કે, બાદશાહ સલામતની સેના મોટી છે અને એમના હાથ લાંબા છે, અને કિલ્લો કદાચ બાદશાહી હાથમાં પડયો—તો પણ, દિલ્હીના તખ્તની હવે ઇજ્જત ગઈ એ ગઈ. બુઝાતા દીપકની આ છેલ્લી ચિનગારી છે.

'દિલ્હી જેવાના બાદશાહના બાદશાહનું વેણ ફોક થયું, પછી થઈ રહ્યું—આથમતી બાદશાહતની આ નિશાની છે. બાદશાહી દિલ્હીની જ્યારે આથમશે જહાંપનાહ ! ત્યારે વિશ્વાસઘાત ઉપર આથમશે. વિશ્વાસઘાતનાં બીજ ખુદ બાદશાહે વાવ્યાં છે. ફળ આવશે, તે દુનિયા જોશે. અમારે બીજું કાંઈ કહેવું નથી. કિલ્લો સોંપવો નથી. દિલ્હીના આવા વચનભંગ બાદશાહને જોવાની કમનસીબી અમને મળી, એ જ અમારી મોટામાં મોટી બેઈજ્જત થઈ ગઈ. આમાં લડાઈ છે કયાં કે અમે લડીએ ?'

અને આ જુવાન માણસને બાદશાહના વચનભંગથી એવું લાગી આવ્યું કે એણે પોતે જ, ત્યાં પોતાના હાથે આપઘાત કર્યો. ગમે તેમ એ પણ પાછો ન ફર્યો.

જ્યારે વૃદ્ધ કિલ્લેદારને આ ખબર પડી ત્યારે, એના દિલમાં એવો આઘાત થયો કે એ પોતે પણ પોતાને હાથે મરણ પામ્યો. અને મરણ પામતાં તમામને કહેતો ગયો કે દાણો-પાણી આ કિલ્લામાં ખૂટે તેમ નથી. ભલે જેવું હોય તે થાય—કિલ્લો બાદશાહને સોંપતા નહિ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પછી બાદશાહે તો યેનકેન પ્રકારે–લાંચ આપીને કંઈકને ફોડીને કિલ્લો તો હાથ કર્યો.

પણ બાદશાહને બન્ને બહાદુર કિલ્લેદારોના મૃત્યુ વખતના સંદેશાએ વિચાર કરતો કરી મૂકયો હતો. વૃદ્ધ કિલ્લેદારે પણ મૃત્યુ પામતાં કહેવરાવ્યું હતું કે, 'હું બેઇજ્જતીમાંથી બચી ગયો. દિલ્હીના બાદશાહની નાપાક હાજરીમાંથી બચી ગયો.'

બાદશાહને હવે મોડું મોડું સમજાઈ ગયું કે પોતાને હાથે આ ન બનવાની વાત બની ગઈ છે. એ પશ્ચાત્તાપમાં ડૂબી ગયો.

એક વખતે એ આ પ્રમાણે બેઠો હતો, ત્યાં જ એક ઉતાવળા કાસદે અચાનક પ્રવેશ કર્યો. બાદશાહ એને જોતાં જ ચમકી ગયો. એને કોઈક અમંગળની શંકા થઈ આવી.

એટલામાં તો કાસદ ત્યાં આવ્યો. તેની પાસે અગત્યના સમાચાર હતા. તે બાદશાહ પાસે છેક નજીક આવ્યો, બાદશાહ તેની સામે જોઈ રહ્યો.

'શેખુ બાબા—'

અરધું વેણ સાંભળતાં જ, અકબર બાદશાહનાં ઘરણ મરી ગયાં. એને થઈ ગયું કે પેલી પિતા–પુત્રની જોડલી ગઈ, અને આ સમાચાર આવ્યા છે એ કાં તો શેખુ બાબાના મરણ સમાચાર જ....' તે ઉતાવળે બોલી ગયો : 'શેખુ બાબા—શેખુ બાબાનું શું છે?' બાદશાહના વડા શાહજાદા સલીમ–જહાંગીરનું હુલામણું નામ શેખુ બાબા હતું.

'શેખુ બાબાએ એક કરોડની તેજુરી હાથ કરી છે.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કાસદે ઉતાવળે કહ્યું : ' ત્રીસ હજાર સવારોની સેના ભેગી કરી છે. અલ્લાહાબાદમાં ખુલ્લંખુલ્લાં બાદશાહનો ઇલ્કાબ ધારણ કર્યો છે. એના દિલમાં બાદશાહી સત્તા સામે બળવો ફાટી નીકળ્યો છે. એને બાદશાહ માટે નફરત જાગી છે.'

' બળવો-શેખુ બાબાએ બળવો કર્યો છે—અરે !... શેખુ બાબા બળવો કરે ? હોય નહિ !'

પણ અકબર બાદશાહના કાનમાં એ વખતે તરત પેલા જુવાન માણસના શબ્દોના પડઘા ઊઠયા : ' શહેનશાહે આલમ ! દિલ્હીના તખ્તની ઇજ્જત હવે ગઈ, તે ગઈ. બુઝાતા ચિરાગની આ છેલ્લી ચિનગારી છે ! બાદશાહી સખૂન ફોક જાય-એ બાદશાહતના છેલ્લા દિવસોની નિશાની, જહાંપનાહ !'

બાદશાહ સલામત તરત ત્યાંથી ઊપડયા. માંડુગઢ આવ્યા.

માંડુગઢની જાહોજલાલી અને એનાં ખંડેર— બન્નેની એમના મન ઉપર ઊંડી અસર થઈ ગઈ. એક દિવસ સાંજે નીલકંઠ રાજમહાલયમાં પોતે આવ્યા. સાંજ નમતી હતી. ચારે તરફથી આછો અંધકાર ઊતરી રહ્યો હતો.

પોતાના જીવનની—આ છેલ્લી પળો હોય એમ, એમને હવે લાગવા માંડયું હતું. આસીરગઢ લીધાની બેઇજ્જતીની વાત હજી હૃદય ઉપર ખંજરની જેમ ખૂંચી રહી હતી.

એ વખતે શહેનશાહે, ત્યાં નીલકંઠમહાલયમાં પોતાના જીવનના છેલ્લા સંદેશા જેવી પંક્તિઓ કોતરાવી હતી. આજ પણ હજી એ ત્યાં છે.

' કયાં સુધી તું અભિમાન કરીશ કે તારાં ગગનચુંબી મહાલયો તેં ઊભાં કર્યાં છે, અને તે ઊભાં છે !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભવિષ્યના તારા આ ખંડેરના મુસાફરો, તારા આ અભિમાન ઉપર મશ્કરી ભરેલું હસતા હશે!

આવ આવ, મારા દિલ! આપણે બીજાના ઇતિહાસમાંથી કાંઈક શીખીએ.—આપણા ઇતિહાસમાંથી બીજા શીખે તે પહેલાં—ઇતિહાસના સખૂન વાંચીએ.

અને બીજી પણ પંક્તિઓ પણ ત્યાં છે—'

'પ્રભાતે મેં શાહાનશાહે શારવાનશાહના ઝરૂખામાં બેસીને ઘુવડને બોલતું સાંભળ્યું. એ બોલી રહ્યું હતું—આ મહાલયોનો ભભકો ક્યાં છે? એનો ઠાઠમાઠ ક્યાં છે? એની જાહોજલાલી અને ગૌરવ ક્યાં છે?'

અને બરાબર એની પાસે જ—માંડુગઢના એક વખતના બાદશાહ શાહ ખુદાબખાનની લખાવેલી પંક્તિઓ પણ છે—

આખું જીવન માટી–મટોડાં, પાણી અને પથ્થરમાં ગાળ્યું તો સાર્થક—

—જો મનની એ આશા ફળે, કે કોઈક વખત, કોઈક ઓલિયાની ચરણરજ આંહીં ફરકી જાય!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અમરસિંહ



૧૮૫૭ના બળવામાં બે નામ એવાં છે, જેમણે શુદ્ધ રજપૂતીનો રંગ, એ ભયંકર લડાઈમાં પણ સાચવી રાખ્યો હતો.

એક હતો જગદીશપુરનો રાજા કુંવરસિંહ. બીજો હતો, એનો નાનો ભાઈ, અમરસિંહ.

કુંવરસિંહે શરણાગત અંગ્રેજોને રક્ષણ આપ્યું હતું. એમને સહીસલામત નદીને સામે પાર પહોંચાડયા હતા. પણ જ્યારે અંગ્રેજ અધિકારીઓએ રાજાની પ્રશંસા કરી, એનું રાજ પાછું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આપવાની વાત કરી—જો રાજા બળવામાંથી ખસી જાય તો—ત્યારે તેણે તરત વીરતાભરેલો જવાબ વાળ્યો હતો : 'હાર હોય તો હાર, અને મૃત્યુ હોય તો મૃત્યુ, મારું સ્થાન મારા ભાઈઓ સાથે જ છે. જીવીશું તો સૌ સાથે, મરીશું તો પણ સાથે. તમે શરણાગત હતા, તમને બચાવવા, એ મારો રજપૂતી ધર્મ હતો. કોઈ લાલચલોભથી મેં તમને મદદ કરી નથી.

કુંવરસિંહ ત્યારપછી લડાઈમાં ઘાયલ થયો હતો. એનો ઘા જીવલેણ નીવડયો. એ વીરમૃત્યુ પામ્યો.

પણ ચોથે જ દિવસે, મોટાભાઈનો શોક તજીને, એની જગ્યા સંભાળવા એનો ભાઈ અમરસિંહ આવી ગયો.

અમરસિંહની યુદ્ધકળા અદ્‌ભુત હતી, તો એની સ્ફૂર્તિ તો એની જ હતી. એના હુમલા એટલા અચાનક, અને એવા વીજળીવેગથી થતા હતા કે, એને જીવતો પકડવા માટે અંગ્રેજોએ ઘણું ભારે ઇનામ જાહેર કર્યું હતું.

પણ અમરસિંહે એનો જવાબ હમેશાં એવા જ વીરત્વભરેલા વીજળીક ગતિહુમલાથી વાળ્યો હતો.

એની આ ત્વરાથી, અંગ્રેજોનો ભયાનક પરાજય થતો રહ્યો. એક સેનાનીએ તો થાકીને રાજીનામું પણ આપી દીધું. બીજો આવ્યો. એનું નામ ડગલાસ. એણે અમરસિંહને જીવતો કે મરેલો, પકડવાના સોગંદ લીધા. પણ ચાર ચાર માસ સુધી હજારોનાં લશ્કર એને હાથ કરવા મથ્યાં, પણ ફોક. એનો જવાબ એક જ હતો : 'મેં તો ખાંપણ ખભે લીધું છે. હું જીવતો પકડાઉં, તે દિવસે મારી માતાનું દૂધ લાજે.'

છેવટે જગદીશપુરીને ઘેરવા માટે સાત તરફથી સાત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિશાળ સેનાઓ ઊપડી.

અમરસિંહે જોયું કે આ વિશાળ સૈન્ય સામે લડીને વિજય મેળવી શકાય તેમ નથી.

પણ વિજય મળે કે ન મળે, અજીત રહેવું તો માણુસના હાથમાં છે. અમરસિંહે અજિત રહેવાનો નિર્ણય લીધો.

એ પોતાના થોડા મરણિયા સૈનિકો સાથે, અંગ્રેજોના સૈન્યોને વીંધીને, આરપાર નીકળી ગયો. અને એક ક્ષણમાં તો એ અદૃશ્ય થઈ ગયો.

જગદીશપુર પડ્યું. પણ એનાં માનવીઓ ન નમ્યાં, તે ન જ નમ્યાં.

જગદીશપુરના રાજમહાલયની દોઢસો જેટલી રાજવંશી સ્ત્રીઓને જ્યારે જાણ થઈ કે, કુંવર અમરસિંહ તો સહીસલામત બહાર નીકળી ગયેલ છે, અને અંગ્રેજોના હાથ, એમને પકડવામાં હેઠા પડ્યા છે, ત્યારે એમણે તરત જ તોપોની સામે જઈને તોપચીઓને કહ્યું, હવે તમે અમને ફૂંકી દો. અમે આટલું જાણવા માટે જ જીવતાં હતાં !

તોપચીઓને જરા વાર કરતા જોઈને, એ પોતે જ પોતાની મેળે કાકડો સળગાવીને ઊઠી ગઈ.

અમરસિંહ ભાગ્યો. સેના પાછળ પડી. તે ભાગ્યો ત્યારે તેની પાસે ચારસો માણસો હતા. નાસભાગની લડાઈમાં બધા જ કપાઈ મૂઆ. માત્ર બે જ સાથી સાથે, અમરસિંહ છટકી ગયો.

પણ એની તો હવે ટેક હતી. ગમે તે થાય. જીવતું પકડાવું નહિ, અને ધજાગરો નીચે મૂકવો નહિ. એ જીવે ત્યાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સુધી લડતો લડતો જીવે. જીવન જાય તો ભલે, પણ અંગ્રેજોને તો નમતું ન જ જોખવું.

એનું જુદ્ધ હવે એકાકી વીરનું જુદ્ધ બની ગયું. એકલો તો એકલો, અમરસિંહ, ડુંગરા, જંગલો, નદી, નાળાં, પર્વતો, ખીણો—એમાં ભટકતો રહ્યો. કોઈને હાથ પડવું નથી—ને લડાઈનો ધજાગરો હેઠે મૂકવો નથી—પછી ભલે પોતે એકાકી ભયંકર જંગલોને આધારે રહે. પણ અમરસિંહ પકડાયો—એવો કોઈ ગર્વ કોઈ કરી શકે નહિ—એ એક જ નેમ ઉપર અમરસિંહે ભટકતાં ભટકતાં પણ એકાકી યુદ્ધ ચાલુ રાખ્યું.

એક વખત તો એનું પકડાઈ જવું હાથવેંતમાં હતું. પોતે હાથી ઉપર ભાગ્યો હતો. સવારો પાછળ પડ્યા હતા. હાથીની લગોલગ સવારો આવી ગયા. એને ઘેરી વળ્યા. અમરસિંહ આ પકડાયો એમ થઈ ગયું. પણ જુએ છે તો હાથી એકલો! અમરસિંહ મળે નહિ!

અને ત્યાર પછી અમરસિંહ ક્યાં છે, એનો પણ પત્તો મળ્યો નહિ.

સ્વાતંત્ર્યયુદ્ધમાં કૈંક વીરોએ જીવન ન્યોછાવર કર્યાં હતાં.

પણ તેમાં આ બન્ને ભાઈ--કુંવરસિંહ અને અમરસિંહ, છેવટ સુધી અણનમ રહીને મર્યા. એમના એ અણનમ આત્મા, એ સ્વાતંત્ર્યયુદ્ધના હમેશના પ્રતીક સમા છે. સ્વાતંત્ર્યયુદ્ધ તે છે, જેમાં વિજય મળે કે ન મળે, પણ એનો અણનમ આત્મા કોઈ દી નમે નહિ.

એ ન નમવામાં તો હજારો માટે ભવિષ્યની પ્રેરણાનાં ઝરણાં વહે છે!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# જેમ આવ્યો–તેમ ગયો !



આસીરગઢનો આશો આહીર પોતાના પશુપાલન માટે પ્રખ્યાત હતો. એને રાજનો મોહ ન હતો, અને મુલક જીતવાની તમન્ના ન હતી. નહિતર આસીરગઢ જેવો દુર્ભેદ્ય દુર્ગ એના જ શ્રમથી તૈયાર થયો હતો. દાણો શોધ્યો જડતો ન હતો, બધે ભયંકર ભૂતાવળ સરજાતી હતી. તે વખતે આશા આહીરે પોતાના ધાન્યભંડાર ખુલ્લા મૂકી દીધા.

જે કોઈ આવે તેને એને ત્યાં રોટલો મળે.

એ વખતે એણે આસીરગઢની બહારની કિલ્લેબંધી બંધાવવા માંડી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને જોતજોતામાં એ કિલ્લેબંધી તૈયાર પણ થઈ ગઈ. લોકોને એણે દુકાળ પાર કરાવ્યો. લોકોએ એનો કિલ્લો બાંધી દીધો.

એને કિલ્લો બાંધીને કોઈની સાથે વેર કરવું ન હતું. રાજ વધારવું ન હતું. લડાઈઓ કરવી ન હતી. એ સાદો-સીધો ઢોર પાળનારો હતો. લૂંટારા, ચોર, ઠગ, અને સૈન્યનાં ધાડાં પોતાનાં ઢોરઢાંખરને નડે નહિ, પશુઓની સલામતી રહે, માટે એણે આસીરગઢ બાંધ્યો હતો. એ તો ગોપાલ હતો. અને ગોપાલ જ રહેવા માગતો હતો.

એને ત્યાં પાંચ હજાર ગાયો. વીસ હજાર ઘેટાં-બકરાં. અને એક હજાર ઘોડાં.

આ બધાં જ આશા આહીરનાં છોકરાં હતાં. વસ્તી ગણો તો વસ્તી હતી. પોતાના આવા બાદશાહી પશુપાલનના રાજમાંથી એ ક્યાં નવરો હતો, તે મુલક વધારવાની લડાઈઓ કરે કે કારણ વિનાની જંજાળ ભેગી કરે.

એને માટે તો આટલાં છોકરાં જેવાં પશુઓ બરાબર જળવાય તો એને બીજી કોઈ વાતની પડી ન હતી!

પણ એનો આસીરગઢ અમૂલ્ય હતો—એ આસપાસના તમામ લડાઈખોરો જાણતા હતા. અને બધાની આંખ આ ગઢ ઉપર હતી.

ભોળા આહીરને તો એમ હતું કે પોતાનાં છોકરાં જેવાં પશુઓ રક્ષણ પામે, ટાઢ-તડકે-વરસાદે આધાર મેળવે, ચોર-લૂંટારા એને હાંકી ન જાય—માટે એણે આ આસીરગઢ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પસંદ કર્યો હતો. સાતસો વરસથી એના બાપદાદા પશુપાલન કરતા હતા. એ એમનો આનંદ હતો. એમાં એમને મજા હતી.

પણ આસપાસ તો લડાયક બળો ઊભાં થઈ રહ્યાં હતાં. એટલે આશા આહીરે પોતાના પશુપાલન માટે બે-એક હજાર તીરંદાજો પણ રાખ્યા હતા.

પણ આશા આહીરને મન, આ બધી જાણે કુટુંબવાત હતી. ગાયો, ભેંશો, બકરાં, ઘેટાં, ઘોડાં ને આ માણસો-બધા જ કુટુંબી. એમાં નહિ કોઈ મોટું, નહિ કોઈ નાનું. એમાં રાજા શું, હુકમ શું ને વળી નોકરી શું? બધા એક કુટુંબના જાણે કુટુંબીજનો!

પણ આહીર પલટાયો ન હતો, તેથી કાંઈ આગળ વધતો જતો જમાનો એને માટે રોકાઈ જાય? જમાનો તો આગળ વધતો હતો. લડાઈઓમાં કિલ્લાઓનું મહત્ત્વ હતું. દિલ્હીના બાદશાહ ને ખાનદેશના અરબ્બ જમીનદારો, ને નાના નાના બાદશાહ સુલતાનો, બધાની જ દાઢ આસીરગઢ ઉપર હતી.

પણ આશા આહીરે તો માત્ર એક જ અરબ્બ, ફારૂકી સુલતાન નાસીરખાન સાથે, દોસ્તી રાખી હતી. બન્ને જિગર-જાન દોસ્ત. એકના વિના બીજાને ચેન ન પડે.

પણ નાસીરખાનના દિલમાં તો વાત હતી, આશા આહીરના આસીરગઢની.

નાસીરખાન એનો દોસ્તદાર હતો. એકબીજા વચ્ચે ભેટસોગાદોનો સંબંધ હતો. એટલે ખુલ્લંખુલ્લાં આસીરગઢ લેવામાં નાસીરખાનને આંખની શરમ લાગતી હતી. વળી

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

આહીરની એટલામાં નામના પણ જેવી તેવી ન હતી. કાળે-દુકાળે એના ધાન્યભંડાર ખૂલી જતા. એટલે એ લોકપ્રિય પણ ઘણો હતો.

નાસીરખાને એક જુક્તિ ગોઠવી. એણે આશાને એક દોસ્તની જેમ કાગળ લખ્યો. એમાં લખ્યું કે આસપાના એક-બે નાના રાજાઓ લડવા માટે માણસો ભેગાં કરતાં લાગે છે. આટલામાં કોઈ સારો કિલ્લો નથી. એક છે, પણ ત્યાં એનો પોતાનો ભાઈ આશ્રય લઈ રહ્યો છે. એટલે જો થોડો વખત, એના પોતાના કુટુંબ-કબીલાને આસીરગઢમાં આશ્રય મળે, તો આબરૂભેર રહેવાય મારા આસીરગઢમાં. કુટુંબકબીલાને આધાર મળી જાય, તો હું છુટ્ટો રહું. પછી હું છું ને એ બન્ને રાજાઓ છે. અને ત્યાં તો દિલ્હીથી મદદ પણ આવશે.

આશા આહીરે ઘણી જ ખુશીથી એના કુટુંબને રક્ષણ આપ્યું. પ્રાંતના સૂબાને છાજે એવાં માન-અકરામ સાથે એમના કુટુંબીજનોને કિલ્લામાં લેવાની તૈયારી કરી. એ પ્રમાણે કેટલોક ભાગ રહેવાજોગ તૈયાર પણ કર્યો.

બીજે દિવસે, આગળથી તૈયારી કરવા માટે, કેટલીક દાસીઓ ત્યાં આવી. એમને રહેવાની આશાએ ગોઠવણ કરી દીધી.

બીજે-ત્રીજે દિવસે આશાને કહેવામાં આવ્યું કે, સૂબેદારનાં બેગમ, મા, બીજાં નોકરચાકર, દાસદાસી, એમ બસો-ત્રણસો માણસો આવવાનાં હતાં. આશા આહીરે કિલ્લાનો મુખ્ય દરવાજો ખુલ્લો રાખવાનો હુકમ કર્યો. અને પોતાના છોકરાઓ સાથે પોતે ઘોડે ચડીને સૌને સામે લેવા ગયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ જેવા એ ત્યાં આવ્યા—અને એ તો એમને સામે લેવા માટે આવ્યા હતા, એટલે મનમાં એમને કોઈ શંકા ન હતી કે, હથિયારબંધ તૈયારી કરીને આવ્યા હોય. હથિયાર ખરાં, પણ એ વાપરવાં પડશે, એ ખ્યાલ જ નહિ, એટલે જેવા એ આવ્યા કે તરત જ પાલખીઓમાંથી, બેગમો ને દાસીઓને બદલે, નાસીરખાનના સૈનિકો નીકળી પડયા. આશા આહીરને અને એના તમામ પુત્રોને હણી નાખ્યા. આશા આહીરને કે એના છોકરાઓને તલવાર કાઢવાનો પણ વખત રહ્યો નહિ.

નાસીરખાનને ખબર મળ્યા. એટલે પછી એ પોતે આવ્યો. કિલ્લાના દરવાજા ખુલ્લા હતા. ઘેરો ઘાલવાનો ન હતો. એના મનથી એ આસીરગઢ જીતી ગયો, અને તે પણ લડાઈ કર્યા વિના.

પણ એટલું કર્યા પછી, કોણ જાણે કયાંથી, એના કઠોર મનમાં પણ એક વાત આવીને વસી ગઈ.

ગમે તેમ પણ—આ ભયંકર વિશ્વાસઘાત હતો. પોતાના રહેઠાણ તરીકે, આ કિલ્લામાં રહેવું એને ગમ્યું નહિ.

આશા આહીરે, જે સાચી દોસ્તી લેખે, એનામાં વિશ્વાસ મૂકયો હતો–એ વાતની અસર, નાસીરખાનના દિલ ઉપર કિલ્લો જીત્યા પછી થઈ ગઈ. એને એ કિલ્લામાં, જાણે આશો આહીર વારંવાર દેખાય !

કહેવાય છે કે આશા આહીરની એક પણ ચીજને નાસીરખાન અડયો નહિ. અડી શકયો નહિ. એટલું જ નહિ—નાસીરના પછી જે આવ્યા—તેમાંના કોઈ પણ, એ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વસ્તુને અડયા નહિ. એમના દિલ ઉપર જાણે કેમ પેલા ભોળા પરમ વિશ્વાસુ આહીરની વાતે હમેશની એક છાપ મૂકી દીધી હોય!

એમ ને એમ આ વાત ચાલતી રહી. આ વાતને બરાબર બસો વર્ષ થયાં. બસો વર્ષમાં કોઈ પણ, આશા આહીરની દોલતને અડયું નહિ. ઇતિહાસને પણ તાજુબી થાય, તેવી આ ઘટના બની ગઈ.

અને બસો વર્ષ પછી, જે પ્રમાણે આસીરગઢ લેવાયો હતો—તે જ પ્રમાણે, દિલ્હીના શહેનશાહ અકબર બાદશાહ જેવાએ-લડાઈને બદલે વિશ્વાસઘાતનો જ આધાર લઈને, આસીરગઢ મેળવ્યો, નાસીરના વંશજ બહાદુરશાહ પાસેથી.

અને તે વખતે આશા આહીરની એ તમામ દોલત, બાદશાહને મળી.

નાસીરનો વંશજ બહાદુરખાન, ગ્વાલિયરના કિલ્લામાં પોતાના છેલ્લા દિવસો ગાળવા માટે કેદી તરીકે ચાલ્યો ગયો.

ઇતિહાસ કેવી કેવી અજબ વાતો નોંધે છે!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# મૂરખ મરે, અને મારે



સઆદતનો અર્થ તો છે નેકી. પણ દિલ્હીની ભયંકર કત્લેઆમનો ખરી રીતે સરજનારો, આ સઆદતખાન—નેકી વિનાનો આદમી હતો. એણે પોતાની ઘોર ખોદી. દિલ્હી નગરીનો વિનાશ કરાવ્યો. દેશનો નાશ નોતર્યો. સેંકડો ને હજારો નિરપરાધી નાગરિકોને હણાવ્યા. પોતાના નામ ઉપર હમેશનું ન ભૂંસાય તેવું કલંક લીધું.

આ સઆદતખાન દિલ્હીના બાદશાહ મહમ્મદશાહના વખતમાં થઈ ગયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એના વખતમાં ઈરાનનો નાદિરશાહ દિલ્હી ઉપર ચડી આવ્યો.

નાદિરશાહ ઈરાનનો બાદશાહ થયો, ત્યાર પહેલાં તો એક મજૂર-નોકર હતો. તેનું મૂળ નામ હતું, તહમાસ્પકુલી. એ પોતે સ્વામીદ્રોહ કરીને આગળ વધ્યો હતો. આગળ વધતાં વધતાં આ તહમાસ્પકુલીખાં, નાદિરશાહની પદવી ધારણ કરીને, ઈરાનના તખ્ત ઉપર બેસી ગયો.

એની નજર હિંદુસ્તાન ઉપર પડી. બે લાખ સવારો લઈને એ હિંદુસ્તાન ઉપર ચડી આવ્યો.

અફઘાનિસ્તાન વીંધીને, એ એકાએક લાહોર આવ્યો. આ ખબર મળતાં જ દિલ્હીથી વજીરઉલમુલ્ક આસફજાહ, અને બીજા અનેક સરદારો લશ્કર લઈને નીકળ્યા.

બન્ને સૈન્યનો ભેટો કર્નાલ પાસે થયો. દિલ્હીથી બાવન કોશ દૂર, આ સ્થળ હતું. અને ત્યાં નાદિરને રોકવામાં આવ્યો.

એ વખતે આ બાદશાહી સૈન્યની સાથે, આ સઆદતખાન પણ હતો. એણે એ જગ્યાએ એક મૂર્ખાઈ કરી. એ મૂર્ખતા હતી કે ધૂર્તતાની પરિસીમા હતી, એ કોઈ કહી શકે તેમ નથી.

પણ એણે એ વખતે કોઈને પણ પૂછ્યાગાછ્યા વિના, ખુદ બાદશાહની પણ રજા લીધા વિના, જાણે પોતે સ્વામી-ભક્તિના રંગથી રંગાઈ ગયો હોય તેવો દેખાવ કરવા માટે હોય તેમ, પોતાના થોડા સૈન્ય સાથે, નાદિરશાહની સામે કૂચ કરી ગયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ સમાચાર મળ્યા. એટલે એને સહાયતા દેવા માટે બીજું સૈન્ય મોકલવું પડ્યું, કારણ કે નહિતર લશ્કર હિંમત હારી બેસે.

પણ સઆદતખાં માત્ર મૂર્ખ ન હતો. એ તો દ્વેષથી પ્રેરાયેલો ભયંકર આદમી હતો. એની ચાલ ભલભલાને ગોથાં ખવરાવે તેવી હતી. બાદશાહ મહમ્મદશાહ ઘણો નિર્બળ હતો. અને તેથી અમીરો અંદર અંદર સત્તા મેળવવા માટે મથ્યા કરતા હતા. એ મથામણમાં નિઝામ-ઉલ્-મુલ્ક આસફ્-ખાન, અને આ બુર્હાનુલ્મુલ્ક સઆદતખાન એ બન્ને વચ્ચે હરીફાઈ ચાલી રહી હતી. નિઝામ-ઉલ્ મુલ્ક આગળ વધી ગયો હતો. સઆદતખાનને દ્વેષ એ વાતનો હતો.

આ કર્નાલ પાસેના યુદ્ધમાં સઆદતખાન કેદ પણ પકડાયો. બાદશાહી સૈન્ય હાર્યું. અમીરોની અંદર અંદરની મૂર્ખાઈને લીધે ઘણા બહાદુર માણસોનાં જીવન નિષ્ફળ વેડફાઈ ગયાં.

પણ સઆદતખાનના ભયંકર દ્વેષની વાત તો હવે આવે છે. નિષ્ફળ ગયેલો માણસ, કેવા ભયંકર દાવ ખેલે છે, અને એમાં પોતાની જાતને, દેશને, દેશબંધુઓને, અને હજારો નિર્દોષોને હોમી દે છે—એની આ કરુણ કહાણી, ઇતિહાસને પાને નોંધાયેલી છે.

કર્નાલ પાસેના યુદ્ધમાં, નાદિરશાહે એક વસ્તુ જોઈ લીધી હતી. હિંદી સૈન્યની અવિરલ *વીરતા. જે લોકો

* વિશ્વયુદ્ધ બીજા અને ત્રીજામાં પણ હિંદી સૈન્યની વીરતા પ્રસિદ્ધ થઈ હતી. ભારતવર્ષમાં ખોટ પડી છે, હમેશાં, નેતા-ઓની—અનુયાયીઓની નહિ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તોપો અને બંદૂક-ગોળી સામે, તીર-તલવાર લઈને ઝઝૂમી શકે, એમનો જુસ્સો જેવો તેવો ન હતો. એ અણનમ જુસ્સાને, જો એક વખત પણ યોગ્ય દોરવણી મળી જાય, તો પોતે હિંદુસ્તાનમાંથી પાછો ન જઈ શકે. નાદિરશાહે આ જોઈ લીધું હતું. અને તેથી જ્યારે નિજામ ઉલ્-મુલ્ક આસફજાહ સંધિની વાત લાવ્યો, ત્યારે એ નક્કી થયું કે નાદિરશાહ સોનામહોરો તો લેશે—પણ એ ચોક્કસ પાછો જશે. બાદશાહને પણ આ વાત પસંદ પડી ગઈ. નિર્બળ થયેલી મોગલાઈ, હવે પોતાનો ખજાનો ખાલી કરીને જ, દુશ્મનોને પાછા વાળી શકે. એ એક જ રાહ એને માટે રહ્યો હતો. એટલે નક્કી થયું કે ઈરાનના બાદશાહે સોના-મહોરો લેવી. અને પોતાને દેશ પાછા જવું.

બાદશાહ સલામત પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. એમણે ખુશ થઈને આસફજાહને અમીર ઉલ્ ઉમરાનો ઊંચો અધિકાર આપ્યો. એનાં માનઅકરામ વધ્યાં. એની રાજભક્તિ વખણાઈ, એની કુનેહ બેનમૂન ગણાઈ. એ મહાન રાજદ્વારી પુરુષ ગણાયો.

પણ આ વાત સઆદતખાનને કાને આવી. પોતાના હરીફને આગળ વધતો જોઈને એ ધૂંઆપૂંઆ થઈ ગયો. એ તેજોદ્વેષમાં પોતે શું કરી રહ્યો છે તેનું એને ભાન જ ન રહ્યું. જે અગ્નિ પોતે પ્રગટાવશે, એમાં પોતે પહેલો હોમાઈ જશે, એટલી સાદી વાત પણ એ ભૂલી ગયો.

એણે દેશ આખાને પોતાના દ્વેષમાં હોમી દીધો.

એ એકાંતમાં નાદિરશાહને ખુદને મળ્યો. એણે એને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કહ્યું કે 'આસફજાહ તમને બનાવી ગયો. આટલી સોના-મહોરો તો એ એકલો આપી શકે. દિલ્હીનો ખજાનો, નામવર શાહ એક વખત જોશે, તો ચાર આંખો થઈ જશે, છ-છ બાદશાહીના જમાનાના એ ખજાનામાં આખી દુનિયાની દોલત છે.'

નાદિરશાહને તો આ ખજાનાની વાત મળતાં, એ કૂદી પડ્યો. બીજે જ દિવસે એણે તો વજીરને મળવાની ઇચ્છા બતાવી. ને દિલ્હીના વૃદ્ધ બાદશાહને પણ પોતે મળવા માગતો હતો, એવો સંદેશો એને કહેવરાવી દીધો.

નિજામ-ઉલ્-મુલ્ક માટે બીજો કોઈ ઉપાય ન રહ્યો.

વૃદ્ધ મુહમ્મદશાહને કાને આ વાત આવી. અત્યાચારી નાદિરને કોઈ રીતે વહેલો વળાવાય તો સારું, એટલે બાદશાહ પોતે એને મળવા ચાલ્યો.

નાદિરશાહનો પુત્ર મિરજાં નસરૂલ્લા પોતે બાદશાહને સામે લેવા ગયો. માન–અકરામથી એને છાવણીમાં લાવ્યો. છાવણીના દ્વાર ઉપર ખુદ નાદિરશાહ પોતે, બાદશાહને લેવા આવ્યો. બન્ને બાદશાહો સાથે સાથે બેઠા. અંતે એવો નિર્ણય થયો કે નાદિરશાહ દિલ્હીમાં આવે. સઆદતખાન પહેલાં દિલ્હી જાય. અને એ સમાચાર મોકલે, એટલે બધા દિલ્હી જાય.

પછી કર્નાલથી લશ્કર ઊપડ્યું. દિલ્હીનો શાહ મુહમ્મદ-શાહ ને ઈરાનનો શાહ નાદિરશાહ, દિલ્હીમાં આવ્યા. સવારમાં બાદશાહી ખજાનો ઉઘાડ્યો. પણ સઆદતખાને તો પોતાના હરીફને હંફાવવા માટે, બાદશાહી ખજાનાનાં જે બણગાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ફૂંક્યાં હતાં—તેનો સોમો ભાગ પણ બાદશાહી ખજાનામાં મળે નહિ!

નાદિરશાહ તો આ કપટ જોતાં જ આગના ભડકા જેવો થઈ ગયો. તેણે પહેલો તો સઆદતખાનને જ ઝપાટામાં લીધો. સઆદતખાન તો એનો આ ક્રોધ જોઈને ગાંડા જેવો થઈ ગયો.

એણે એ રાતમાં જ પોતાની વીંટીનો હીરો ચૂસીને, આત્મહત્યા કરી.

પણ વાત આટલેથી અટકી નહિ. બીજે દિવસે શહેર આખામાં એક અફવા ચાલી—નાદિરશાહ માર્યો ગયો છે.

આ અફવા તો જોતજોતામાં આખા શહેરમાં ફેલાઈ ગઈ. અને પાંચ હજાર ઈરાની સૈનિકોને લોકોએ મારી નાખ્યા.

નાદિરશાહને આ સમાચાર મળ્યા. અને તેણે કત્લે-આમનો હુકમ આપી દીધો. સૈનિકો દિલ્હીની ગલીમાં ઘૂમવા મંડ્યા. લૂંટફાટ ચાલી. જે હડફેટે ચઢ્યો તે મર્યો એવી વાત થઈ ગઈ. ઘેર ઘેર પહોંચીને સૈનિકોએ સ્ત્રીઓની બે-ઇજ્જતી કરવા માંડી. ભયંકર હત્યાકાંડ મંડાયો. કોઈ કોઈને રક્ષણ આપે તેવું રહ્યું નહિ. માણસની હરાજી થઈ ગઈ. દિલ્હીની શેરીમાં કૂતરાની જેમ માણસો મરવા મંડ્યાં. બે લાખ શબ ત્યાં પથરાઈ ગયાં.

એ વખતે છેવટે એક માણસે, પોતાની જાન જાય તો ભલે, પણ નાદિરશાહની આગઝરતી આંખોની સામે જવાનો નિશ્ચય કર્યો. અને તે માણસ, બીજો કોઈ નહિ, વૃદ્ધ બાદ-શાહ મુહમ્મદશાહ પોતે જ હતો. એનું જે કાંઈ ખમીર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રહ્યું હતું તે આ વખતે પ્રકાશી ઊઠ્યું. બાદશાહી ખાનદાની-નો એ છેલ્લો જ પ્રસંગ આવી ગયો. મુહમ્મદશાહની શાત હિમ્મત માટે એને 'બાદશાહ' કહેવાનું મન થાય, એવો આ વિરલ પ્રસંગ હતો.

અને એણે એકલાએ જ છેવટે, બાદશાહ નાદિરની સામે જવાની હિમ્મત કરી.

બીજા કોઈ તો ક્યાંય દેખાતા જ ન હતા.

એણે જઈને એને શું કહ્યું? નવી નવાઈની વાત બની ગઇ. એણે લાચારી નહિ–હિમ્મત બતાવી. તેણે તેને કહ્યું, 'હે ખુદાથી ન ડરવાવાળા માણસ! જરાક હોશમાં આવ, જરાક ભાન રાખ, જરાક માણસાઈ બતાવ. ખુદાથી ભલે તું ન ડરે—પણ તારા આ ભયંકર વિજય ઉપર આટલો ઘમંડ કરવો રહેવા દે. આ તલવારબાજી તો દસ દિવસની છે. પણ તારા મૃત્યુ પછી — આ બધાં શબ તારી પાસે જવાબ માગશે. તારા ગુસ્સાને રોક, હોશિયાર માણસ, હોશમાં આવ, હોશમાં આવ.

નાદિરશાહે મુહમ્મદશાહની આ વાણી સાંભળી, ને એ શરમીંદો બની ગયો, અને કત્લેઆમનો હુકમ રદ કર્યો.

એક માણસે તેજોદ્વેષને લીધે વરેલો આ વિનાશ આજ પણ કહી જાય છે કે જ્યારે જ્યારે રાજદ્વારી પુરુષોએ તેજો-દ્વેષનો પંથ લીધો છે, ને આંતરવિગ્રહ નોતર્યો છે, ત્યારે ત્યારે દેશનો ભયંકર વિનાશ આણ્યો છે અને પોતે પોતાને પણ ત્યારે હણી રહ્યા છે. ને દેશને પણ સર્વનાશના પંથે લઈ ગયા છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આજ પણ આ વાત એટલી જ સત્ય છે, જેટલી જમાનાઓ પહેલાં હતી.

છેવટે ઇતિહાસ આપણને કહે છે કે, અન્યાય સહન કરવો સારો, પણ અન્યાયનું વેર લેવા જતાં, દેશને ડુબાડવો, એ ભયંકર.


કોઈકે કહ્યું છે, ઇતિહાસ એ મહાકાલનું નાટક છે. કત્લેઆમની આ કારમી ભૂતાવળ જેવી નાટકભૂમિ ઉપર ઘણાં પાત્રો કામ કરી ગયાં. એમાં સૌથી ભયંકર નિવડ્યો, સ દતખાં—મૂર્ખ, વિશ્વાસઘાતી. જે પોતે મર્યો. બીજાને માર્યા. અને સૌથી સુંદર નીવડ્યો—મોગલ બાદશાહ મુહમ્મદશાહ. જે વખતે નાદિરની ક્રૂર મુખમુદ્રા નિહાળીને, તમામ અધિકારીઓ આઘાપાછા થઈ ગયા, પોતપોતાના ઘરમાં ભરાઈ બેઠા, ત્યારે મોગલ ખાનદાનના છેલ્લા અવશેષ સમા આ વૃદ્ધ બાદશાહે, જીવના જોખમે ત્યાં જઈ, અને કત્લેઆમ બંધ કરાવી.

મોગલ ખાનદાનીનો રહ્યોસહ્યો એ છેલ્લો અવશેષ હતો.

છેવટે એનું લોહી, એને માર્ગ બતાવી ગયું. અને એણે લડી ન જાણ્યું, રક્ષણ કરી ન જાણ્યું, મરી ન જાણ્યું, પણ દિલ્હી શહેરને બચાવી જાણ્યું. એ જમાનાના નિર્બળમાં નિર્બળની, આ સબળમાં સબળ કામગીરી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# માનવધર્મ બતાવ્યો



ઈરાનના શાહ તમાસ્પને માનવધર્મ બતાવ્યો, એની બહેન બેગમ સુલતાનાએ. એ માનવધર્મ એણે બતાવ્યો, તો ઇતિહાસમાં એક મહાન રાજવંશ જન્મ્યો ને જીવ્યો.

જ્યારે બાદશાહ હુમાયુન, શેરશાહથી હારીને ઈરાન તરફ ભાગ્યો, ત્યારે એની નાસભાગની વાત ઈરાનના શાહ તમાસ્પને કાને આવી. એણે તરત જ હિરાતના સૂબાને હુકમ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કર્યો કે દિલ્હીનો બાદશાહ જો ત્યાં આવે, તો એનો બાદશાહી સત્કાર કરવો. અને એને રાજધાનીમાં લાવવો. હિરાત થઈને હુમાયુનનો નાસભાગનો રસ્તો આગળ જાય.

એ પ્રમાણે હુમાયુન હિરાત આવ્યો, ત્યારે ત્યાંનો સૂબો એને શાહી ફરમાન પ્રમાણે, પાંચ કોશ સુધી તો સામે લેવા ગયો. એને બાદશાહી માન આપ્યું. એને ઊંચા ખમીરવંતા ઈરાન ઘોડાઓ ને મૂલ્યવાન વસ્ત્રોની ભેટ આપી અને એને સંપૂર્ણ માન-ભભકાથી તમાસ્પના દરબારમાં એ લઈ ગયો. કોઈને લાગે નહિ કે પરાજય પામેલા બાદશાહને આવું માન મળશે !

શાહ તમાસ્પે પોતાના સગા ભાઈ મીરજાં બહેરામને હુમાયુનની તહેનાતમાં નિયુક્ત કર્યો. બાદશાહી ખાણીપીણી ને મિજબાની ઉપર એ જાતદેખરેખ રાખતો. ને બાદશાહ ભોજન લે, ત્યારે પોતે ત્યાં હાજર રહેતો.

પણ એક વખત હુમાયુન પોતાના ઉતાવળા અને કાંઈક અવિચારી સ્વભાવને લીધે, કાંઈક એવું બોલી ગયો કે, એમાંથી ગેરસમજણ ઊભી થઈ ગઈ. એના એ એક અવિચારી વાક્યે એનું નસીબ ફેરવી નાખ્યું.

હુમાયુનને પોતાના ભાઈઓનો ઘણો જ કડવો અનુભવ હતો. એમાંનો દરેક વિશ્વાસઘાતી નીવડ્યો હતો. એનો પુત્ર અકબર તો હજી એક ભાઈને ત્યાં કેદમાં જ હતો. આ કડવા અનુભવોને લીધે, એની વાણીમાં કડવાશ આવી ગઈ. અને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એણે એક અસાવધ પળે એવી ટીકા કરી કે આમ 'ગુલામ'ની પેઠે શાહ સલામતના હુકમનો શબ્દેશબ્દ ઉઠાવનાર, સગો ભાઈ છે, એ શાહ સલામતની ખુશનસીબીની વાત છે. મારો એક સખૂન મારો એક પણ ભાઈ માનતો નથી, અને મને ઠોકરે ઉડાડે છે! ભાઈઓ જેવા ખરી રીતે, બીજા કોઈ જ દુશ્મન નથી!'

મીરજા બહેરામે આ સાંભળ્યું, અને એમાં એને પોતાનું હડહડતું અપમાન થતું લાગ્યું. ભાઈ ભાઈ વચ્ચે વૈમનસ્યના બીજ રોપાયા એવી પણ એમાં છાયા હતી. એણે શાહને કહ્યું: 'આપણે જાતભાત જોયા વિના, આને દિલ્હીનો બાદશાહ માનીને, માન-અકરામ તો આપ્યાં, પણ એ, એ માનને લાયક નથી.' અને પછી પોતે જે વાત સાંભળી હતી તે કહી બતાવી. શાહ તમાસ્પને પણ થયું કે આ વાત તો બરાબર નથી. એક તો આપણે આશ્રય આપ્યો અને આપણા જ ભાઈને એની તહેનાતમાં રહેવા માટે 'ગુલામ'નો સરપાવ મળે, એ તો અપમાનજનક વાત ગણાય.

એણે ત્યાર પછી, ધીમે ધીમે હુમાયુનનો સત્કાર ઓછો કરવા માંડયો.

મોગલશાહને, ત્યાંથી ખાલી હાથે પોતાને જ ભાગવાનું મન થાય, એવી પેરવી થવા માંડી

આમ પોતાના આશ્રયે આવેલા માણસને, આશ્રય આપીને પછી તજી દેવો—એ વાત શાહી કુટુંબની એક શાહજાદીને ખૂંચી ગઈ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એને લાગ્યું કે આ તો માનવધર્મ ભુલાય છે. દુઃખમાં પડેલો માણસ અનુદાર થઈ જાય, એ કુદરતી છે. વખતે એ બે સખૂન બોલી પણ નાખે—એના દિલનું દુઃખ, એને બોલાવે છે. પણ તેથી સુખમાં રહેનારો માણસ, જો પોતાની ઉદારતા ગુમાવે, તો એ માનવતાનું દેવાળું ફૂંકે છે, એમ ગણાય !

પોતાના દુઃખની કડવાશ એ જો નહિ બોલે, તો જીવશે શી રીતે ?

એટલે આ શાહજાદી બેગમ સુલતાનાએ પોતાના ભાઈને કહ્યું : 'આજ દુઃખ એના ઉપર છે. ગઈ કાલે આપણા ઉપર હતું. એ વખતે તમારા જ બાપદાદાઓને, એના બાપદાદાઓએ મદદ કરી હતી. એ સંભારો. તૈમુર વંશના નબીરાઓએ તમને મદદ કરી તો તમે આજ ઊભા છો. આજ તમે આને છેહ દેશો, તો કુદરત એ બેઇમાનીનો બદલો લીધા વિના નહિ રહે.

'કુદરતને ભયંકરમાં ભયંકર વાત લાગે છે—બેઇ-માનીની, ઇન્સાનિયત ગુમાવ્યાની.'

શાહ તમાસ્પની બુદ્ધિ, પોતાની બેનની આ વાણી સાંભળીને ઠેકાણે આવી ગઈ.

અને એણે હુમાયુનને મદદ આપવાનો નિર્ણય લીધો.

ઇતિહાસ નોંધે છે કે, બેગમ સુલતાનાની આ એક પળે બોલાયેલી વાણી જો ત્યાં ન હોત—તો દિલ્હીની ગાદીનું નસીબ તે પછી જુદું જ નીવડ્યું હોત.

મહાન મોગલવંશ ફરી આવ્યો, ટક્યો, જાહોજલાલી-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભરેલી રીતે જીવ્યો, ને વર્ષો સુધી ભારતવર્ષમાં ચક્રવર્તી બની રહ્યો, તે આ એક નાનકડા લાગતા પ્રસંગને લીધે !

ઇતિહાસ સરજાય છે જેટલો, રણક્ષેત્રમાં, તેના કરતાં વધુ રણવાસમાં. માનવ માનવની વચ્ચેના વાણીવ્યવહારમાં.

કારણ કે છેવટે શબ્દો, અને નહિ કે શસ્ત્રો, માનવતાને સરજે છે ને જિવાડે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## રૂપદર્શન—શબ્દદર્શન નહિ !



ધન્ય છે રે ! ગયાના અણઘડ બ્રાહ્મણ ! તને ધન્ય છે. તને ભગવાન ચૈતન્ય જેવાએ મહાન માન્યો. ભગવાન ચૈતન્ય, ત્યાં ગયામાં એક મંદિરદ્વારે ઊભા હતા.

પણ એ વખતે હજી એ ભગવાન ચૈતન્ય ન હતા. પંડિત નિમાઈ હતા.

મંદિરના દ્વારની આસપાસ માણસોનાં ટોળાં મળ્યાં હતાં. એમાં વિદ્વાન બ્રાહ્મણો પણ હતા. વિદ્વાન બ્રાહ્મણો, હસી હસીને બેવડ વળી જતા હતા. કેટલાક વિનોદ કરતા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતા. કોઈ મશ્કરીમાં ‘આહા’ ‘ઓહો!’ ‘વાહ ભાઈ વાહ’ એમ બોલીને તાળીઓ પણ વગાડતા હતા.

ગયાના એ મંદિરમાં, એક અણઘડ જેવો બ્રાહ્મણ ત્યાં મંદિરના દ્વાર ઉપર ઊભો રહીને, ભગવદ્ગીતાના શ્લોકો બોલી રહ્યો હતો. પણ નહોતું એના ઉચ્ચારનું ઠેકાણું. નહોતું શબ્દશુદ્ધિનું એને કોઈ ભાન-કે ન હતું શ્લોકના હાર્દને સમજીને સ્વર બોલવાનું એને જ્ઞાન. એ તો શ્લોક ઉપર શ્લોક બોલ્યે જતો હતો. એના એ અણઘડ, અશુદ્ધ શ્લોકો, લોકો માટે ઉપહાસનો વિષય બન્યા હતા.

એ તો ગમે તેમ શ્લોકો ગગડાવ્યે જતો હતો. અને લોકોને મશ્કરી કરવાની મજા પડતી હતી.

વિદ્વાનો તો એની આ અનધિકાર ચેષ્ટા જોઈને, હસી હસીને બેવડ વળી જતા હતા.

એ વખતે પંડિત નિમાઈ ત્યાં ઊભા રહીને આ બધું જોતા હતા.

પણ પેલો બ્રાહ્મણ જાણે કાંઈ જ જોતો ન હોય, કાંઈ જ સાંભળતો ન હોય, કાંઈ જ સમજતો ન હોય, તેમ પોતાના શ્લોકો બોલ્યે જ જતો હતો. એનું ધ્યાન કૃષ્ણમૂર્તિ ઉપર હતું. એની દૃષ્ટિ ત્યાં સ્થિર થઈ ગઈ હતી. કારણ કે પોતાની આસપાસ શું ચાલી રહ્યું છે, એની એને પરવા ન હતી, પોતાની આસપાસ કાંઈ છે, એનું એને ભાન રહ્યું ન હતું!

એ તો પોતાની સર્વસ્વ ચેતનાથી, જાણે ભગવાનને, ભગવાનના શ્લોકો સંભળાવી રહ્યો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નિમાઈ પંડિત, એની આ તલ્લીનતા જોઈને, આશ્ચર્યમુગ્ધ થઈ ગયા હતા.

આ જ દૃશ્ય એમણે તે પહેલાં જોયું હોત, તો એ પણ બ્રાહ્મણની આ અનધિકાર ચેષ્ટા જોઈને હસી પડત. પણ એ ગયાની યાત્રાએ આવ્યા, અને જ્યારથી એમણે વૈષ્ણવ ગુરુ ઈશ્વરપુરીને જોયા, અને એની પ્રેમભક્તિ નીરખી, ત્યારથી એમની દૃષ્ટિ એક જુદી જ સૃષ્ટિ નિહાળી રહી હતી.

ઈશ્વરપુરીએ કહ્યું હતું કે " માણસનું જે કાંઈ જ્ઞાન છે, જે એની વિદ્યા છે, જે એનું ડહાપણ છે, જેથી એની બુદ્ધિ છે, એ બધી જ એની દોલત, પ્રેમભક્તિ પાસે પાણી ભરે છે. હૃદય, પ્રેમથી સભર હોવું, એની તોલે દુનિયાની કોઈ સમૃદ્ધિ ન આવે. કોઈ શક્તિ, પ્રેમશક્તિ તોલે ન આવે.

" વૃક્ષનું જીવન, એ માનવજીવન માટેનો મહાન આદર્શ છે. વૃક્ષ એક જ વાત જાણે છે. કોઈ એને તોડેફોડે, અપકાર કરે—એનું કામ માત્ર સેવા કરવાનું છે. જે ધીરજથી, શાંતિથી, બીજાની સેવા કરે છે—વૃક્ષની પેઠે, એને જ આ અમૂલ્ય ખજાનો જડે છે. પ્રેમનો એ ખજાનો, જ્ઞાનથી મળે નહિ, સત્તાથી જડે નહિ, શક્તિથી પ્રાપ્ત થાય નહિ, બુદ્ધિથી એ શોધી શકાય નહિ. એ મળે, કેવળ પ્રેમથી, પ્રેમસેવાથી.

નિમાઈ પંડિત, ઈશ્વરગિરિના આ શબ્દોને ક્રિયાત્મક રૂપ આપવા માટે, ઘણી વખત નદીકિનારે ચાલ્યા જતા.

ત્યાં જે કોઈ વૃદ્ધ હોય, અપંગ હોય, અશક્ત ને રોગી હોય, તેમનાં કપડાં ધોઈ આપે. તેમનો ભાર ઉપાડે. તેમને દોરીને રસ્તે મૂકી આવે. અને પોતે બ્રાહ્મણ છે, એમ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જાણીને કોઈ, એની સેવા લેવાનો ઇન્કાર કરે, તો ગદ્ગદ કંઠે આટલું જ કહે, 'ભાઈ! હું બ્રાહ્મણ નથી. હું તો પ્રેમસાગર જોવા નીકળેલો પ્રવાસી છું. મને તમારામાં રહેલ ઈશ્વર જોવાની લગની છે. હું તમારા ઈશ્વરને નીરખું છું. મેં આ નાનકડી પ્રેમવાડી બનાવી છે, એને આગળ લઈ જવામાં મને મદદ કરો. મને તમારી પ્રેમ-સેવા લેવા દો. મારે માટે એ જ પુણ્ય ભાથું છે. એ જ પવિત્રતા છે.'

નિમાઈ પંડિતની દૃષ્ટિમાં આ મહાન પરિવર્તન આવી ગયું હતું. એટલે આ અણઘડ બ્રાહ્મણને આમ આંહીં શ્લોકો બોલતો જોઈને એની તલ્લીનતા નીરખી રહ્યા હતા. બીજું કાંઈ જ એ જોતા ન હતા.

બ્રાહ્મણ શ્લોકો બોલતા જાય છે, અને એની આંખમાંથી આંસુનો પ્રવાહ ચાલ્યો જાય છે!

કોણ જાણે એ પોતાના આ અશુદ્ધ શ્લોકોમાં શું જુએ છે—પણ એ તો ભગવાનને નિરખતો હોય તેમ શ્લોકો બોલે છે. અણઘડ, અશુદ્ધ, ઢંગધડા વિનાના. પણ એની આંખમાંથી પ્રેમનાં આંસુ વહી રહ્યાં છે.

પછી એ ગમે તે જોતો હોય, ગમે તે એના મનમાં થતું હોય. ગમે તે એ અનુભવતો હોય.

પ્રેમભક્તિનું આ દૃશ્ય જોઈને, નિમાઈ પંડિત રહી શક્યા નહિ. એ તો દોડીને પેલા બ્રાહ્મણ પાસે પહોંચી ગયા. આર્દ્રવાણીથી એને પૂછ્યું : 'હે ભક્તજન! કહો કહો, કાંઈક કહો. તમે શું જાણો છો? શું અનુભવો છો? આ શબ્દોમાં એવો કયો પ્રેમસાગર નીરખો છો કે, દિલમાં આંસુ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમાતાં નથી? મને--મને કહો. મેં હજાર વખત ગીતા વાંચી, પણ જે અર્થ મળ્યો નથી, તે અર્થ તમને ક્યાંથી જડ્યો, એ મને કહો!'

બ્રાહ્મણે નિમાઈ પંડિતને ઓળખ્યા. એણે પણ ગદ્ગદ થઈ જતાં પ્રત્યુત્તર વાળ્યો : 'હે દેવ! મને તો આમાંથી કોઈ શબ્દ સમજાતો નથી. કોઈ શબ્દનું જ્ઞાન પણ નથી. પણ એ બોલતાં, હું તો ભગવાનનું શ્યામરૂપ નિહાળું છું, ને એ રૂપ જાણે અર્જુનનો રથ હાંકી રહ્યું છે, જાણે ગીતાની વાણી બોલી રહ્યું છે. હું તો ગીતામાં કાંઈ સમજતો નથી--કેવળ એ બોલતાં આ રૂપ દેખાય છે, માટે બોલ્યા કરું છું. એમાં તો કોણ જાણે કેવું જ્ઞાન ભર્યું હશે એ હું અણઘડ શું સમજું? મને ગીતા વાંચતાં પણ શું આવડે? એ તો પંડિતજનો, અને વિદ્વાનો જ વાંચી જાણે. મને તો પેલા ઘનશ્યામ રૂપની મોહિની લાગી છે--માટે આ બોલ્યા કરું છું.'

પંડિત નિમાઈ, બ્રાહ્મણને ભેટીને ક્યાંય સુધી એને નીરખતા જ રહ્યા.

● ●

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust



Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust